
# ગજરામારૂજીની વારતા.

સર્વે શોખીલા સજ્જનોને વાસ્તે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર જગજીવન દલપતરામ.



અમદાવાદ.

ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં

મિ૦ ઘેલાભાઇ નરસિંહદાસ મેહેતાએ છાપી.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૮.

# गजरामारुजीनी वारता.

શ્રી ગણેસાએનમઃ શ્રી સારદાએનમઃ શ્રી ગુરૂભ્યોનમઃ.

## અથ ગજરામારૂજીની વારતા લખી છે.

**દુહા**—પ્રથમ સારદાને વરણવું, કાંઇ માગુ એક પસાયરે કાંઈ. સરસ્વતી સારદાને વીનવુંરે, કાંઈ ગણપત લાગુ પાયરે. કાં. શુધ બુધ તમો આપજોરે, મારી જીભલડીએ જસ થાયરે; મા. દુંદાળો દુખ ભંજણોરે, કાંઈ સદાએ બાળે વેશરે, કાંઇ પ્રથમ સમરૂ હું તો તેહનેરે, એ ગવરી પૂત્ર ગણેશરે; એ. શ્રીગુરૂને હું તો ચરણે નમુંરે, કાંઈ ગણપત રહું કરજોડરે. કા. સહુને કરૂં હુંતો વિનતીરે, કાંઇ. મુજને ન દેશો ખોડરે.

માંડવગઢ શેહેરના જામ રાજાને સાત રાણીયો હતી, તેમાં ૭ માનીતી અને એક દામાવંતી રાણી અણમાનીતી હતી એ સાતે રાણીઓમાં કોઈને પેટે દીકરો ન્હોતો. એક દહાડો સવારના પોહોરમાં પાસેના ગામની એક ઢેયડી સુંથીઆં સાવરણી વેચવા સારૂં શેહેરમાં આવતી હતી, તેણે રસ્તામાં વેગળેથી રાજાને સંડાસમાં જતા જોયા, એટલે વીચાર કરયો કે સાત રાણીએ રાજા વાંઝીઓ છે, માટે તેનું મુખ જોવાથી મને અપશુકન થશે, અને મારાં સુંથીઆં સાવરણી ખપશે નહી, એવું ધારી તેણીએ સામી સાવરણી ધરી, પુંઠ ફેરવી ઉભી રહી, તે જોઈને જામરાજા બહુ ગુસ્સે થયો, અને ઢેયડીને બોલાવીને પુછવા લાગ્યો.

**દુહા**—સાચું બોલ તુંતો દાસણીરે, કાંઈ જુઠા વચન ન બોલરે, કાં. જીવતાં ચડાવું તને સુળીએરે, કાંઇ છુંદી પડાવું તારી છોલરે.

હે ઢેયડી સાચુ બોલજે, તેં મારી સામી સાવરણી શા માટે ધરી. જેવું હોય તેવું કેહે નહીં તો તને સુળીએ ચડાવીશ, ને તારા શરીરની ચામડી ઉતરાવીશ. તે સાંભળી ઢેઈડી ગભરાણી અને બોલી કે માહારાજ સાચુ બોલીશ તો તમને રીસ ચડશે. રાજા કહે સાચુ બોલીશ

તો તને છોડી મુકીશ, અને ખુશી કરીશ, એવું સાંભળીને ઢેઇડીના મનમાં ધીરજ આવી અને તે બોલી. દુહો—મેલામાં મેલો જોને કુમરો, કાંઇ તેથી મેલો લોભરે, કાં. તેવો કાજો રાજા વાંઝીઓ; તેતો મુએ ન પામે મોક્ષરે; તેતો. કુમરો એટલે પેટમાં પાપ રાખી પોતાની વાત બીજાને જણાવતો નથી તે મેલો કહેવાય છે; અને તેથી ઉતરતે દરજ્જે લોભીઓ માણસછે. અને એ બંને કરતાં વધારે વાંઝીઓ કેહેવાય છે, વાંઝિઆને સ્વર્ગમાં જવાનો અધિકાર નથી, માટે તેવા પુરૂષનું સવારના પોહોરમાંમુખ જોવું અને શુકન લેવા એ ઘણું નખેદ છે, આપને સાત રાણીઓ છતાં પુત્ર નથી તેથી મારે સાવરણી આડી ધરવી પડી, આ વાત સાચી કહીછે હવે મને રજા આપો, રાજાએ ઢેયડીની વાત સાચી માનીને તેની ઉપરથી રીસ ઉતારી નાંખી અને પોતાની સાથે દરબારમાં લઇ ગયા, ત્યાં ચોખાનો ઢગલો પડ્યો હતો તેમાંથી ગાંસડી બાંધી આપી ઢેયડીને વીદાય કરી, રસ્તે જતાં વિચાર કરવા લાગી કે હવે સાવરણી ને સુંથીઆં વેચવાની જરૂર નથી, બે કે ત્રણ મહીના જેટલી ખરચી આ ચોખા મળ્યાછે એમ ધારી પાછી પોતાને ઘેર ગઇ ત્યાં તેના ધણીએ પુછ્યું કે તું આ ચોખા ક્યાંથી લાવી ત્યારે ઢેયડીએ કહ્યું કે તમારે શું કામ છે. ધણીએ કહ્યું કે રાંડ સાચુ બોલ નહીં તો ઘરમાં પેસવા નહી દઉં, ત્યારે તે બોલી હું તો રાજાને ત્યાંથી લાવીછુ, તે સાંભળીને તેનો ધણી કહે કે એ ચોખા આપણે જોઇએ નહી, રાજા વાંઝીઓ છે, માટે તેમનું મોં જોવાય નહી તો પછી તેમનું અન્ન ન ખવાય, ઢેયડી કહે છે કે, આખુ શેહેર એમનું અન્ન ખાયછે તો આપણને શી હરતને છે? શું આપણે બધા કરતા મોટા કે રાજાનું ન ખાઈએ. તે સાંભળીને તેનો ધણી બોલ્યો કે જે શાસ્ત્ર નથી સમજતા તેજ રાજાનું હરામ ખાય છે પણ સમજુ તો હલાલ કરીને ખાવાના, રાજા મફત કાંઇ આપે પણ સમજું તો લે નહી જો તને વીશ્વાસ આવતો ન હોય તો પારખું જો. આપણા ઘરમાં કોદરા છે તે

ભરડો અને તેમાંથી કોદરી કહાડ અને તેના ભેગા રાજાના ચોખા ભેળવી ચકલાંને નાખજે, તે જનાવર ચોખા ખાઇ જશે તો આપણે ખાઇશું. ઢેયડીએ કોદરી અને ચોખા ભેગા કરીને ચકલાને નાખ્યા પણ ચકલાંએ કોદરી વીણી ખાધી અને ચોખા રહેવા દીધા આવો પ્રત્યક્ષ દાખલો જોઈ ઢેયડી ચોખાનો પોટલો માથે ચઢાવી રાજાના દરબારમાં પાછી આવી રાજાને કહ્યું કે જનાવર સરખાંએ તમારૂં અન ખાતાં નથી તો અમે કેમ ખાઈએ, એમ કહીને ચોખા પાછા નાખીને પોતાને ઘેર ગઇ, હવે રાજાને ઓળગાણીની વાતો સાંભળતાંજ રાજ્યાસનનું સુખ કશા કામનું નથી. એમ ધારી પોતાની છ માનીતી રાણીઓને બોલાવી કહ્યું કે સાત રાણીઓ છતાં વાંઝીઆ મેણું રહ્યું ને તે મહેણાને લીધે મારૂં કોઈ મોં જોતું નથી અને શુકન કોઈ જોતું નથી. માટે હવે હું નગરમાં રહેનાર નથી મારે રાજપાટ જોઇતું નથી કોઈ અઘોર વનમાં જઈ ત્યાં કોઈ દેવની આસના વાસના કરીશ, અને જો તે દેવ મારૂં વાંઝીઆ મેહેણું ભાગશે તોજ હું નગરમાં પાછો આવીશ નહી તો જંગલમાં ભટકીને આવરદાનો છેડો લાવીશ આમ કહી ફુલશંગ વજીરને રાજપાટ સોંપી પોતે શામ ઘોડા ઉપર સ્વાર થઈ ચાલી નીકળ્યા.

**દુહા**—રાણી રૂએ રંગ મોહલમાંરે, કાંઇ દાશી રૂએ દરબારરે; કાં. રઈયત રૂવે સારા શેહેરનીરે, કાંઈ વરતાયો હાહાકારરે; કાં. હાટે રૂવે હાટ વાણીઆરે, તેતો પાડી બેઠા હડતાળરે; કાં. પ્રાણી માત્ર રહે ઉદાશમાંરે, કાંઈ વૃક્ષ નમાવી છે ડાળરે. કાં. કાળે ઘોડેને કાળે લુગડેરે, કાંઈ રાજા ચાલ્યા વનવાશરે; કાં. વાંઝિઆ મેહેણું ભાગવારે, કાંઈ છોડી ચાલ્યા નગ્રની આશરે; કાં.

હવે રાજા નગરમાંથી બાહાર નીકળા કે તમામ રંગમેહેલમાં રાણિઓ રૂદન કરવા લાગી. અને દાશીઓ ચાકર નફર અને નગરમાં વશનારા લોકોએ ઘણું કલ્પાંત કરવા માંડયું નગરના લોકોને ઉદાશ જોઈ પશુ પક્ષિ પણ દિલગીર થયાં પશુ પક્ષિનો શોકાતુર દેખાવ છતાં રાજા પોતે વાંઝિઆ મેહેણું ભાગવાની આશાએ રાજપાટ અને

કુટંબ કબીલા મુકીને જંગલમાં એકલા ચાલી ગયા આગળ જતાં એક મોટું બપઇયા વન આવ્યું ત્યાં ઝાડની મોટી ઘટા જોઈ પોતે ઝાડ તળે વીસામો કરયો ત્યાં પવનથી ખરી પડીને પાંદડાના ઢગલા જમિન ઉપર પડ્યા છે. તે ખસેડીને હાથ વતી રાજા જમીન સાફ કરે છે એટલે પાંદડામાં ઢંકાએલી જળાધારી સહિત મહાદેવની મુરતિ રાજાની નજરે પડી તે જોઈ રાજા બહુ હરખ્યો કે, હું કોઇ દેવને ખોળવા નીકળ્યો હતો તે મારા ઉપર કીરપા કરીને મને સામા આવી મળ્યા. માટે હું આ જગાએ રહીને માહાદેવ આગળ તપ આ દરીને પુજા કરતાં બાર વરસ વીતી જવા આવ્યાં તોપણ માહાદેવ કાંઈ પ્રસન થયા નહી, એવામાં એક દીવસ બે શીકારીઓ સીકાર કરવા નીકળ્યા હતા, તે સીકારીઓ ઝોળીઓ ખભે ભરાવી ચાલ્યા આવે છે. તેઓએ વેગળેથી રાજાને અને ઘોડાને દીઠો એટલે વીચાર કરે છે કે આપણે પેલા આદમીને મારી નાખી તેની પાસેથી ઘોડો લઈએ એવું ધારી તે શીકારીઓને દીઠા એટલે રાજા વીચાર કરે છે કે આ લુટારા છે તેઓ આ ઘોડાની લાલચે મને મારી નાખશે, આ રાજપાટ મુકીને મરવા સારૂ તો હું અહી આવ્યો છું હાથે મરવું તેના કરતાં પરાયા હાથે મોત થશે તો આત્મ હત્યા કરવા બાબત નરકમાં જવું નહી પડે હું મારી ગતીએ જઈશ એવું ધારી હિંમત રાખી રાજા બેઠા છે એટલામાં પેલા શીકારી આવી પહોચ્યા, અને કરડી આંખ કરીને ઉભા રહ્યા છે. જે તમારા મનમાં હોય તે તાકીદ થી કરી નાખો એટલે હું આ દુઃખમાંથી છુટીને તરત પરમેશ્વરની પાસે સુખમાં જઈ બેસુ આ વાત સાંભળી સીકારી વિચારમાં પડ્યા કે આ કોઈ મોટો માણસ છે. કારણ કે આપણે એક ગાઉ ઉપર જે વિચાર કરયો હતો તે તેના જાણવામાં આવ્યો માટે માનો ન માનો આ કોઈ દેવતા છે એમ ધારી મારવાની વાત ભુલી જઇને હાથ જોડી રાજાને પુછેછે કે મહારાજ તમે કોણ છો અને અહીં જંગલમાં શા કારણે બેઠા છો રાજા કેહે કે ભાઈઓ હું રાજા છું

પણ મ્હારા પેટ કાંઇ છોકરૂં નથી માટે વાઝીઆ મહેણું ભાગવા સારૂ આ મહાદેવની શેવના કરૂંછું તે સાંભળી શીકારીઓ વિચાર કરે છે કે આપડે પેટ પણ છોકરૂ નથી, અને વાંઝીયા છીએ, માટે આમની જોડે બેશી તે મહાદેવની સેવના કરીશુ તો પુત્ર થશે એમ ધારી ઝાડે ઝોળિઓ ભરાવી મહાદેવની સેવા કરવા બેઠા ને જયાં બે ને ત્રણ દીવસ થયા પેલા સીકારીઓને ભુખ લાગી અને તેમનાથી ભુખે રહેવાયું નહી એટલે વીચાર સુજ્યો કે આપણાથી હવે ભુખ્યા રેહેવાશે નહી અને આપણી પાસે શીકાર લાવેલો તઈયાર છે તે ખાઇએ એમ ધારી ઝોળીમાંથી શીકાર બહાર કાડીને મહાદેવની જળાધારી ઉપર મુકી કાપવા માંડયો એટલે તમામ જળાધારી અને સીવલીંગ રૂધીરથી ભરાયું આવું અઘોર કામજોઈ અકળાગો કે આ પાપી કેમે કરયા જશે નહી અને મને ભ્રષ્ટ કરી નાખશે એમ ધારી પોતે જોગીનો વેશ લેઈ, શીકારીઓના સામા આવી ઉભા રહ્યા, અને શીકારીઓ-ને કહ્યું કે અરે મુરખ તમે આ શું કામ કરો છો અને અહીંઆં કેમ આવ્યા છોસીકારીઓએ કહ્યું કે અમારે પેટ કાંઈ છોકરૂ નથી. તે સારૂં મહાદેવની પાસે પુત્ર લેવા આવ્યા છીએ તે આપશે એટલે જઈશુ લીધા સીવાય જતા નથી મહાદેવે વિચાર્યું કે આ પાપીઓને હવે પુત્ર આપુ એટલે અહીંથી જાય, એમ ધારી મહાદેવે શીકારીઓને કહ્યું કે ઘેર જાઓ તમને પુત્ર થશે સીકારીઓએ કહ્યું કે વચન આપો તો જઈએ, પછી મહાદેવ વચન આપી અંતરધ્યાન થયા, અને સીકારી પણ હરખાતા હરખાતા પોતાને રસ્તે પડયા, આ તમાસો જોઈ રાજા જામ વિચાર કરે છે કે આપણા કરમની વાત છે હું બાર બાર વરશના અપવાસ કરીને સેવના કરૂંછું પણ મહાદેવ મને કોઈ દીવસ સ્વપનામાંએ દેખાતા નથી અને આ બે પાપી ચં-ડાળ એક બે દીવસ આવીને બેઠા ને મહાદેવની જળાધારી અ-પવીત્રતા કરી તેમને મહાદેવે પુત્ર આપ્યા, વાસ્તે હું પણ તેમની માફક કરૂં. એમ વિચારી પોતાના ઘોડાનું દોરડુ છોડીને ઉંચે ઝાડ સાથે બાંધ્યું અને પોતાના બે પગ બાંધીને પોતે નિચે મોઢે લટકીને

એક હાથે મહાદેવની મુરતી ઉપર કટારી ઘાલીને હીંચકા ખાવા લાગ્યા એટલે કટારની અણીની ધાર સાથે અથડાઇ માંથું છુંદાવા લાગ્યું અને મહાદેવની જળાધારી લોહીથી ભરાવા લાગી. આવી કમકમાટ ભરેલી રીતે રાજા કમળ પુજા કરે છે તે જોઇ શીવને ઘણો ત્રાસ આવ્યો અને એકદમ રાજાની સામા આવીને ઉભા રહ્યા, અને રાજાને કહ્યું કે તું આટલું બધું શું કરવાને કરે છે રાજા કહે કે માહારાજ હું બાર બાર વરસથી પુત્રની આશાએ રાજપાટ મુકી ભુખ તરસ વેઠીને તમારી શેવના કરૂં છું તો પણ તમે પ્રસન થયા નહી, ને આ પેલા શીકારી પાપી કરમના કરનાર તેમને તમે એક એ દીવસમાં પુત્ર આપ્યા માટે મારે તો હવે તમારે માટે મરવું છે. મહાદેવ કહે કે જેણે જેવું કર્યું હશે તેને તેવું ફળ મળશે મેં એમને પૂત્ર આપ્યા પણ તે પુત્ર છાણમાં કીડા પેદા થઇને મરી જાય છે, તેમ ઉછરીને મરી જશે અને તને જે પુત્ર આપવાનો તે કોઇ નામના કરવા લાયક થશે માટે હવે તું તારા પગ છોડી નાખ હું તારા ઉપર ઘણો તુશમાંન થઇ ગયોછું પછી રાજાએ હાથ પગ છોડી નાખી બે હાથ જોડી પોતે માહાદેવના સામા ઉભા રહ્યા છે માહાદેવે પુછયું કે તમારે કેટલી રાણીઓ છે રાજાએ કહ્યું કે સાત રાણીઓમાં છ માનીતી અને એક અણમાનીતી છે; પછી માહાદેવે કહ્યું કે ઉંચુ જો આ ઝાડ શેનું છે રાજાએ જોયું એટલે આંબાનું ઝાડ દીઠું પછી માહાદેવે કહ્યું કે તેના ઉપર ફળ છે કે નહી, રાજાએ બીજીવાર ફરીને આંબા સામું જોયું. તે આંબા ઉપર કેરીઓ ઝુલી રહી છે અને તે કાંઈ કારમી દેખાય છે; તે જોઈ રાજાએ કહ્યું કે માહારાજ બીન રતે આંબા ઉપર કેરી ઝુલી રહી છે માહાદેવે કહ્યું કે આ મારો ધોકો લઈને જા અને આંબા ઉપર મારજે પછી તે કેરીઓ નીચે પડે તે તાહારી રાણીઓને ખવરાવજે એટલે પુત્ર થશે, જો વધારે લોભ કરીશ તો બાર વરશની મહેનત નકામી જશે માટે બીજીવાર ધોકો મારીશ નહી, તે સાંભળી રાજાએ આંબા ઉપર ધોકો લઇને માર્યો અને શીવ પણ અલોપ થઇ ગયા,

હવે રાજાએ આંબા ઉપર ઘોકો માર્યો કે સાત કેરીઓ નીચે પડી તે લઈ ઝોળીમાં નાખી માહાદેવની પાસે આવી હાથ જોડીને કહ્યું કે.

**દુહા**—જગશર માહાદેવ તમને વીનવુંરે હું તો લળીલળી લાગુ પાયરે હું તો૦ વાંઝીઆ મહેણુ મારૂ ભાગીયુરે, મારી. સદા કરજો સાહાયરે મા૦ ૧૦ વિધવા નગરી મારી સધવા થઈરે કાંઈ ભાગ્ય તણો નહી પારરે; કાંઈ મેહેર કરી માહાદેવજીરે, મને આલ્યો નવો અવતારરે મ૦

માહારાજ તમે મારૂ વાંઝીયા મેહેણુ ભાગ્યું તેથી માહારા ભાગ્યની કાંઈ શીમા રહી નથી અને માહારી નગરી જે માહારા વગર સુની પડી હતી તે હવે મને જોઈને ઘણી ખુશી થશે. અને બહુ સુખ પામશે; કેમકે મને આજ નવો અવતાર આલ્યો, હું નગરમાંથી નીસર્યો ત્યારનો મરી ગયા બરાબર હતો, એવી રીતે રાજાએ માહાદેવને અરજ કરી અને પ્રદક્ષણા ફરીને ઘોડા ઉપર સ્વાર થઈ નગર ભણી ચાલ્યા જ્યાં નગર નજીક આવ્યું એટલે લોકોએ રાજાને દીઠા અને રાજા આવ્યાની વાત ચાલી તેથી તમામ રઈયત બહુ ખુશી થઈ ફુલશંગ વજીર પોતાનું બધું લશકર શણગાર્યું, અને સોના રૂપાના ફુલ પડાવી મોટી ધામધુમથી વાજ ગાજતે રાજાની પાસે આવ્યો, રાજાનો પ્રધાન તથા રાણીઓએ તથા રઇયતે સોના રૂપાનાં ફુલથી વધાવ્યા અને રાજા પોતે રાણીઓના મેહેલમાં ગયા અને પોતાની છ માનીતી રાણીઓને બોલાવી પેલી સાતે કેરીઓ આપી દીધી, રાણીઓએ તે કેરીઓ ખાધી અને ગોટલા છોતરાં મેહેલની બાહાર ફેંકી દીધાં પેલી અણમાનીતી રાણી દામાવંતીએ પોતાની દાશીયોને કહ્યું કે માનીતીરાણીઓના મેહેલ આગળ જા અને જો કે રાજા નવી ચીજ લાવ્યા છે? બાર વરસે રાજા ઘેર આવ્યા છે માટે કાંઈક લાવ્યા તો હશે અને તે ચીજમાંથી કાંઈક નકામું બારણે ફેંકી દીધું હશે તે તું લઈ આવ્ય તે સાંભળી દાશી માનીતી રાણીઓના મેહેલ આગળ આવીને જુવે છે તો કેરીઓનાં ગોટલા છોતરાં પડેલા દીઠાં તે

જોઇને દાશીને અચંબો લાગ્યો કે આ રતમાં આંબાનાં પાંદડાં સરખાં ખરી પડે છે, તો કેરીઓ ક્યાંથી માટે આ કેરીઓજ નવીજ ચીજ જણાય છે એમ ધારી કેરીઓનાં ગોટલા છોતરા વીણી લઇને પોતાની બાઈ દામાવંતીને આપ્યાં ને કહ્યું કે બાઈ રાજા તો નવી ચીજ કેરીઓ લાવ્યા છે તેનાં ગોટલાં છોતરાં પડેલાં હતાં તે હું લાવી છું દામાવંતી કહે કે ગોટલાં છોતરાં પણ કામના છે, એમ કહી ખાંડી કુટીને પીવાની રાબ કરીને પીવાનો વીચાર કર છે એટલામાં તેને વેહેમ આવ્યો કે આતો દેવતાઈ ફળ છે. તેથી તેમાં કાંઇ દઇવિત હોય અને કદી મને ગરભ રહે તો પછી રાજા આળ મુકે અને તે ખરૂ મનાય કારણ કે મારા મોહોલે આવતા નથી માટે હુ ફુલશંગ વજીરને બોલાવી તેના રૂબરૂ પીઉ તો કોઈ દીવશે રાજાને મોહોડે મારી સાખ પુરે એમ ધારી દાશીને ફુલસંગ વજીરને તેડવા મોકલી દાશીએ જઈને ફુલસંગ વજીરને કહ્યું કે મારી બાઈ તમને તેડે છે વાસ્તે હાલ ચાલો પછી ફુલસંગ વજીર દામાવંતી રાણીના મેહેલે આવ્યા રાણીએ આસન આપ્યું વજીરજી કહે કે રાણીજી તમે મને કેમ તેડો છે. ને એવું શું તાકીદનું કામ પડયુ છે તે મને કહો રાણી કહે કાંઈ મોટુ કામ નથી પણ સેજ વાત છે તે તમને કહુછું. રાજા પુત્રની આશાએ બાહાર ગયા હતા. ત્યાંથી બાર વરસે આવ્યા ત્યારે કેરીઓ લાવ્યા હતા. તેના ગોટલા છોતરાં મારા હાથમાં આવ્યા છે તેની રાબ કરી પીવાને મેં વિચાર કર્યો છે. કદાચ કોઈ મોટા પુરૂષે તે કેરીઓ પુત્ર થવા સારૂ આપી હોય તે કદી મને ગરભ રહે તો મારે માથે કલંક મુકે શાથી જે હું રાજાની અણમાનીતી છું તે સારૂ તમને વચમાં રાખવા તેડયા છે. પ્રધાને કહ્યું કે બાઇ એમાં તે શું છે તમે સુખેથી તે રાબ પીયો પુત્ર થશે તો તમારી વતીનો હું જવાબ દઇશ. વજીરે ધીરજ આપી એટલે દામાવંતી રાણીએ વજીરના દેખતા ચંદ્ર સુરજની સ્તુતિ કરવા માંડી.

**દુહા**—ચંદ્રમા સુરજ તમને વીનવુંરે, મારી સાચેરી પુ-

રજો સાખરે; મા૦ ૧૧ રાજા મોહેલે નથી આવતારે, મને કુડી ચડાવે આળ; મ૦ પીતા વીના જોને પુત્ર થયોરે; એવી આપશે મુજને આળરે. એ૦ ૧૩ જગશર માહાદેવ તમને વીનવુંરે, મારી અલેરી રાખજો લાજરે; મ૦ પુત્ર પ્રસારીને આપશો, મારા સરશે સઘળાં કાજરે, મારા શરશે સઘળાં કાજ. ૧૪ ફુલસંગ વજીર તમને વીનવુંરે, મારી સાચેરી પુરજો સાખરે: મા૦ રાજા મોહોલે નથી આવતારે, મને કુડી ચડાવશે આળરે; મ૦ પીતા વીના પુત્ર થયોરે, એવી આપશે મુજને આળરે. એવી૦

હે ફુલસંગ વજીર તમારી અને ચંદ્ર સુરજની સાખે આ કામ કરૂંછું જો મારા ભાગ્યમાં હોય ને મહાદેવ મને પુત્ર આપે તો મારી લજ્યા તમારા હાથમાં છે એટલું કહી રાણીએ ફુલસંગ વજીરને વદાય કીધા એટલે તે પોતાને ઘેર ગયા; હવે રાણીએ વિચાર કરયો કે રાબ પીવાથી કદાચ મને પુત્ર થશે તો તેને ચઢ-વા લાયક ઘોડો જોઈશે માટે મારી ઘોડીને અડધી રાબ પાઉં તો વછેરો તેના જેવોજ થાય એવું ધારી અડધી પોતે પીધી અને અડધી ઘોડીને પાઈ તે દીવસથી રાણીને અને ઘોડીને સાથે ગર-ભ રહ્યા પણ છ માનીતી રાણીઓને કેરીઓ ખાધાથી ગરભ રહ્યા અને જ્યાં નવ મહીના પુરા થયા એટલે સાતે રાણીઓને પુત્ર અવતર્યા અને અઢાર મહીને ઘોડીને પણ મહા જોરાવર વછેરો થયો માનીતી રાણીઓને રાજાએ કેરીઓ અને રાણી દામાવંતીને અણમાનીતી જાણીને આપી નહી એટલો વેરાવંચો કરવાથી મહા-દેવ કોપાયમાન થયા એટલે છ રાણીઓને પુત્ર કદરૂપા અને લુલા અને લંગડા અવતર્યા અને હેતે કરીને ગોટલા છોતરાંની રાબ પીનારી પેલી અણમાનીતી રાણી દામાવંતીને મહા કાંતીવાન અને તેજસ્વી પુત્ર પેદા થયો પેલી છ માનીતી રાણીઓને પુત્ર આવ્યા-ની વધામણી રાજા પાસે ગઈ તેથી રાજા હરખ્યા પણ અણમા-નીતીને પુત્ર થયો તેની કોઈને ખબરજ નથી સવારના પોહોરમાં રાણી દામાવંતી પોતાની દાશીને બોલાવીને કેહે છે.

**દુહો**—દાશીરે મારી જોને બેનડીરે, તું તો ઝટપટ તઈયાર થાયરે; તું તો૦ જન્મોતરી કરાવીને પુછીએરે; કાંઈ જોશીને તેડવા જાયરે. કા૦ ૧૭

અરે ઓ દાસી તું ઝટપટ તઇયાર થઇને જા જોશીબાવાને બોલાવી લાવ કે આપણે ભાઈની જન્મોતરી કરાવીએ દાસી જોશીને બોલાવી પોતાની બાઈ પાસે આવી; રાણીએ કહ્યું કે માહારાજ કુંવર આજ રાતરે અવતર્‍યા છે માટે કીયા નક્ષતરમાં તેમનો જન્મ છે; અને નામ શુ પાડવું તે મને કહો જોશીબાવાએ જન્મ અક્ષર તઇયાર કરી ગ્રહ ઉપરથી નામ કાઢીને કહ્યું કે.

**દુહો**—સારે નખેતરે કુંવર આવીઓરે, એતો રાખે પીતાનો હામરે; એતો ધરણી ધુજે એના તેજથીરે; એનુ મતીઓ મારૂ આવે નામરે એનું૦ ૨૧ જોરે મતેરે સહુને જીતશેરે, એતો હામરે. એતો૦ જગશર માહાદેવ એની સાહાયમાંરે, એનું ગજરોમારૂં પાડો નામરે એનું૦ ૨૨

બાઈ, તો એવા શુભ અને તાપકારી નખેતરમાં જન્મા છે કે તેઓ મહા પ્રાક્રમી જોરાવર અને કાંતીવાન થશે. પોતાની બુધીથી કામ કરશે; આભની સાથે બાથ ભીડવાને હીમત ચલાવશે. એના તેજથી આખી દુનીયાં અંજાઈ જઇ એને વસ થશે પોતાની ગાદી પોતે ભોગવશે પણ બાર વરસની ઉમરમાં કુંવરને વનવાસ જવું પડશે. વનમાંથી આવ્યા પછી કુંવર ગાદીએ બેસશે એવું કહ્યાથી રાણી ઘણા ખુશી થયાં અને દાસીને કહ્યું કે જોશીને સેલાં પાઘડી અને હીરા જડીત્ર સોનાનાં કડાં પેહેરાવજો. દાસીએ તે પ્રમાણે સરવે આપ્યું, એટલે જોશી માહારાજ રાજી થઈ પોતાને ઘેર ગયા. રાણી દામાવંતીના હરખની કાંઈ પણ શીમા રહી નહી, તેણે બ્રાહ્મણ ભાટ ભવઇયા અને બીજા માગણ લોકને ધન આપી ખુશી કર્‍યાં, હવે કુંવર દીવસે ન વધે તેમ રાતે વધે એ રીતે સાત વરસની ઉમરના થયા એટલે ભણવા સારૂ મુકયા. ભણીગણી મહાવિદ્વાન થયા અને જેમ જેમ મોટી ઉમરે થતા ગયા તેમ તેમ પોતાની

હુશીયારી ચતુરાઈ અને અંગની ખુબી બાહાર નીકળવા માંડી. એક દીવસ જામ રાજાએ પોતાની માનીતી રાણીઓના કુંવરને દરબારમાં બોલાવ્યા અને તેમની ગાદી પોતાની પાસે નખાવી તે ઉપર બેસાડ્યા. કુંવરો જોઈ તમામ સભા લાજવા લાગી અને માંહોમાંહે સઉ હસવા લાગ્યા. એટલે ફુલશંગ વજીર વિચાર કરેછે. કે આ વખત જો દામાવંતીનો કુંવર ગજરો મારૂ હોય તો બધી સભા ઝાંખી પડી જાય. પણ તે રાજાના કહ્યા વગર તેડી કેમ લવાય રાજા ગુસ્સે થાય તે શીવાય બીજી તો કાંઈ હરકત નથી ખેર રાજા ગુસ્સે થશે તો થા પણ આ વખત તો કુંવરને તેડી લાવું એમ ધારી વજીર દામાવંતીના મોહોલે આવ્યો અને રાણીને કહ્યું કે બા તમારી પાસે એક માગી લેવા આવ્યો છું. રાણી કહે ભાઇ અણમાનીતી પાસે એવી શી ચીજ માગવાની છે કે તમે એકાએક માહારા મોહોલે પધાર્યા. માહારા મોહોલ કરતાં તો તમારા રાજાને ત્યાં આજે જોઈએ તે હશે. મારી પાસે માગશો તે આપી શકાય તેવી હશે તો હું જરૂર હાજર કરીશ માટે કહો તમારે શી ચીજનો ખપ પડયો છે, વજીર કહે બાઈ ચીજ તો કાંઇ નથી પણ તમારો કુંવર રાજા પાસે મારી સાથે મોકલો એટલી માહારી અરજછે. રાણી કહે માનીતી રાણીઓના ૭ કુંવર છતાં મારા કુંવર વગર રાજાને શું કામ અટકી પડયુંછે. પ્રધાને કહ્યું રાજાને તો કામ નથી પણ સેજ હું તેડવા આવ્યોછું કે ત્યાં રાજાના કુંવર આવીને બેઠા છે તેમને જોઈને તમામ સભા લાજી મરે છે માટે હું તેડવા આવ્યોછું. દામાવંતી કહે કે ભાઈ રાજાને માહારે અંટસ છે તે તમો જાણો છો, માટે માહારા કુંવરને કાંઈ કરે ત્યારે મારો શો ઉપાય વજીરે કહ્યું કે જ્યાં સુધી મારા જીવમાં જીવ છે; ત્યાં સુધી ગજરામારૂનો વાળ વાંકો થવા દેનાર નથી રાણી કહે ત્યારે તમારી સાથે મોકલું છું, પણ જો મારા કુંવરને કાંઈ થશે તો હું આપઘાત કરીને મરીશ તેની હત્યા તમને લાગશે, માટે કુંવરને બચાવવાની હીંમત હોય તો લઈ જજો, વજીરે કહ્યું કે જ્યાં સુધી મારા જીવમાં જીવછે; ત્યાં સુધી ગજરામારૂનો

વાંકો થવા દેનાર નથી. રાણી કહે ત્યારે તમારી સાથે મોકલુંછું, પણ જો મારા કુંવરને કાંઇ થશે તો હું આપઘાત કરીને મરીશ તેની હત્યા તમને લાગશે, માટે કુંવરને બચાવવાની હીંમત હોય તો લઈ જજો, વજીરે કહ્યું કે તમારે કુંવરની કશી ફીકર કરવી નહી કુંવર માહારા જીવ સાથે છે, પછી દામાવંતીએ કુંવરને કહ્યું કે ભાઈ આપણા વજીર તેડવા આવ્યા છે તેમની સાથે દરબારમાં જવા સારૂ સારા શણગાર પેહેરો અને ત્યાં જઈ એવી હુંશિઆરી બતાવજો કે જેથી મારી કુખને એબ ન લાગે તે સાંભળી ગજરામારૂએ બહુ અમુલ્ય વસ્ત્ર અને હીરામોતીના ઘરેણાં પેહેરી, કમરમાં કટાર અને તલવાર લટકાવી દીધાં છે, તેનાં શરીરની અંદર ખુશબો મશમશી રહી છે. એવી રીતના ઠાઠમાઠથી માતાને પગે લાગી વજીરની સાથે દરબારમાં જાય છે, મારગમાં વજીરને પુછ્યું કે રસ્તો એકજ છે કે બીજો કાંઈ આડો અવળો છે. કુંવર કહે હું રાજાને નમવાનો નથી માટે જો સામો આવું તો મારે નમવું પડે. આ વાત સાંભળી પ્રધાન ગભરાયો. કે આ મારી સાથે આવું બોલેછે, તો પછી રાજાને શું કહેશે પણ ખેર જે થયું તે થયું એવું ધારી રાજાની બેઠક પાછળ બારી હતી તે ઉઘડાવી પ્રધાન અંદર ગયા પછી મારૂ વિચાર કરેછે કે જો પહેલું માથુ ઘાલીશું તો નમ્યા કહેવાઇશું તે કારણથી પહેલા પગ ઘાલી અંદર જવું એ રીતે ગજરામારૂ દરબારમાં આવી રાજાની જોડે ઉભો રહ્યો. ફુલશંગ વજીર પણ રાજાની પાસે બેઠા. કુંવરને જોતાંજ સભા ઝાંખી થઇ ગઈ. અંધારી રાતે તારા મંડળમાં ચંદ્ર પ્રકાશી રેહે તે પ્રમાણે કુંવરનું તેજ જોતાંજ પ્રધાનને પુછેછે કે આ કુંવર કોનો છે ત્યારે પ્રધાને કહ્યું કે માહારાજ આ છ કુંવર જેના છે, તેનો એ પણ છે. રાજા કહે મારે છ રાણીઓના છ કુંવર છે અને વળી આ કુંવર કોનો છે. પ્રધાને કહ્યું કે એ આપની અણુમાનીતી રાણીનો છે, રાજા કહે હું તેના મેહેલમાં જતો નથી તો કુંવર પેદા કેમ થયો પ્રધાને કહ્યું કે માહાદેવની આપેલી સાત કેરીઓ તમે છ માનીતી રાણીઓને આપી તેઓએ ખાઈને ગોટલા

છોતરાં નાખી દીધાં તે અણમાનીતીના હાથમાં આવ્યાં જે ખાધાથી આ કુંવર પેદા થયો. રાજા કહે મારો કુંવર હોય તો સામો આવી સલામ કરે ગજરોમારૂ કેહે હું સાત જણ શીવાય બીજા કોઈને સલામ કરતો નથી. રાજા કહે મારાથી ચઢીઆતા બીજા કીયા છે.

**દુહા**—પેહેલી સલામ મારી માતનેરે જેણે નવ માસ રાખ્યો પેટરે, જે૦ દેહી કષ્ટીને ઉછેરીઓરે, મારી ધણીએક કીધી વેઠરે, મા. ૩૦ બીજીરે સલામ જગસર મહાદેવનેરે, જેણે પેટમાં ગરભજ દીધરે જે૦ જઠરા અગ્નીથી મુને જાળવીરે મારી ધણી એક રક્ષા કીધરે. મા૦ ૩૧ તીજી સલામ મારા પ્રભુનેરે, જેણે આહાર આપ્યો અવતારરે; જે૦ જીવતાં લગી જશ આપશેરે; એતો મુવે ઉતારે ભવપારરે. એ૦ ચોથીરે સલામ મારા રેવંતનેરે એતો રણમાં રમાડી લાવે ઘેર. એતો ગામ થકી પડે પરગામમાંરે, એની કોઈ ન જાણે પેરરે; એ૦ ૩૩ પાંચમી સલામ મારા ખાંડાનેરે એતો રણમાં કરે મિઠા ઘાવરે; એ૦ દુશમન દુર રહે દેખીનેરે, એતો માહારૂ બુડતુ તારે નાવરે. એ૦ છઠી સલામ મારી ઢાલનેરે, એતો રણમાં હથ્યા કેરી ઓથરે; એતો૦ દુશમન જોઇ ઝડપ ઉઠતારે, મારી પડતા બચાવે લોથરે. મા૦ ૩૫ સાતમી સલામ ધરતી માતનેરે, એતો મુવા જીવતાનો વિશરામ; એતો૦ પ્રાણી માતર સહુ પેટ ભરેરે, કંઈ જીવતાનું જીવન હામરે. કાંઇ૦ ૩૬

કુંવરનાં આવાં વચન સાંભળી રાજાને બહુ ક્રોધ ચડયો અને તેનું મસ્તક છેદી નાખવા હુકમ કીધો એટલે વજીરે કહ્યું કે માહારાજ હું રાણી પાસેથી માગી લાવ્યો છું તેવો પાછો પોહોચાડવાનો કરાર છે માટે ત્યાં પોહોચાડયા પછી ગમે તેમ કરજો એમ કહી કુંવરને લઈ દરબારમાંથી નીકળ્યા રસ્તામાં આવતાં એક એંશી વરસની ડોશી આવતી દીઠી એટલે કુંવર પ્રધાનને કહે છે કે આ ડોસીને અહીં બોલાવો એને એંશી વરશ થયાં છે માટે સો સવાશો વરસની વાત જાણતી હશે પ્રધાને વિચાર્યું કે કુંવર માહા ચતુર છે માટે રાજાની પાછળ અંતે આ કુંવરને ગાદી મળશે માટે

તેની ચાકરી ફોગટ જશે નહી એવું ધારી ડોશીને કુંવર પાસે બો-
લાવી, કહ્યું કે ડોશી મા તમને કેટલાં વરસ થયાં છે, ડોશી કહે
આશરે એંશી વરસ થયાં હશે. ત્યારે કુંવરે કહ્યું કે તમને સો
સવાસો વરસની વાત યાદ હશે, ડોસીએ કહ્યું અવસ્થા થઈ છે તેથી
થોડું યાદ હશે. કુંવરે પુછ્યું કે આ ગામમાં પ્રથમ રાજ કોનું હતું
ડોસી બોલી કે ભાઈ પ્રથમ તો વિરાજી ઠાકોરનું રાજ હતું ને આજે
તો આ જામ રાજા રાજ કરે છે. કુંવરે પુછ્યું કે વીરાજીના વંશમાં
હાલ કોઈ છે, ડોસી કહે બધા મરી ગયાં પણ સોળેક વરસનો એક
છોકરો છે. કુંવરે કહ્યું કે એ છોકરાને તેડી લાવો તો ઠીક, એમ
કહી ડોશીને દશ મોહોરો આપી, ડોસી દસ મોહોરો દેખીને ખુશી
થઈ અને લાકડીને ટેકે ચાલતી હતી તે ખભે મુકી તાકીદથી પેલા
છોકરાને કુંવર પાસે તેડી લાવી પછી પોતે ઘેર ગઈ. હવે પેલા
છોકરાને કુંવરે પુછ્યું કે ભાઇ આ શેહેરમાં પ્રથમ કોનું રાજ હતું
છોકરે કહ્યું કે ઘણા વરસ ઉપર તો મારા ઘરડા રાજ કરતા હતા
પણ તેઓનું જોર ઘટવાથી હાલ આ રાજા રાજ કરે છે કુંવરે કહ્યુ
કે કાંઈ જાગીર તારા કબજામાં છે, છોકરો કહે રોટલા ખાઉં તેટલાં
ગામ ખેતર છે અને ગામને પાદર હજાર વિઘા ભોંય છે ત્યાં હાલ લોકો
આડે ફરે છે પણ રાજા મારી ફરીઆદ સાંભળતા નથી. કુંવરે કહ્યુ
કે તું એ જમીન મને વેચાતી આપીશ, છોકરો કહે વીઘે એક રૂપી-
ઓ લઈને આપીશ, પછી કુંવરે બજારમાંથી રૂપિઆ, સેલું, મંડિલ,
સોનાના કડાનો સરપાવ આપી દસ્તાવેજ લખાવી લેઈ કુંવર વજીરની
સાથે પોતાને ઘેર આવ્યો. રાણી કુંવરને જોઈ બહુ ખુશી થયાં. પછી
કુંવરે વજીરને કહ્યું કે કાલ સવારે વહેલા આવજો. પેલી જમીન
ઉપર મેહેલ બાંધવો છે માટે કોઈ હુશીયાર કડિઆ સુતારને બોલાવી
જે સામન જોઇએ તેની યાદ કરાવો, વજીર વારૂ કહી પોતાને ઘેર
ગયા, રાણીએ પુછ્યુ કે કઇ જમીન ઉપર મેહેલ બધાવો છો, કુંવરે
કહ્યુ આજે આપણે એક હજાર વીઘા જમિન લીધી છે, બીજે દહા-
ડે ફુલસંગ વજીર પોતાના ખાનગી માણસને કહ્યું કે એક મેહેલ

બાંધવા સારૂ કોઈ ન જાણે એમ સામન મગાવી તાકીદથી કામ ચલાવજો કોઇને કહેશો નહી કે આ મેહેલ ફલાણાનો છે એવી શીખામણ દેઇને હુશિયાર કડિઆ સુતારને મારૂજીએ કહયું કે રાજાના મહેલ કરતાં ઘણો શોભીતો મહેલ કરવો છે માટે તે જમીન સાફ કરાવી ચણવાનું કામ ચાલતું કરો કુંવરનો હુકમ થતાંજ ફુલશંગ વજીરના માણસોએ સામાન મગાવી ઝપાટાબંધ કામ ચલાવ્યું ફુલશગ વજીર રાજા ન જાણે એવી રીતે ગજરામારૂનું કારભાર કરવા લાગ્યા, થોડા રોજમાં મહેલ તઇઆર થયો તે અતિશે શોભિતો અને છટાદાર થયો. દિવાનખાના, રંગમહેલ ખડગમહેલ અને જનાનખાનું બહુ શોભિ રહ્યુંછે હવા ખાવાને વાસ્તે અગાશીઓ અને તેની અંદર સુગંધી આપનારા ફુલના ઝાડ ગોઠવી મુકયા હતા, કચેરીને સારૂ દિવાનખાના ગલીચાથી મઢી લીધા હતા અને જગે જગે નરેહ તરેહવાર આરસની બેઠકો કરી લીધી હતી ત્યાં ફુવારા છુટી રહેવાથી સ્વરગના જેવી શોભા તે મેહેલની થઈહતી. ગજરામારૂ પોતાના સોબતી છોકરાઓને ભેગા કરી એક રાજાની માફક ઠાઠદાર કચેરી ભરવા લાગ્યા, અને કસુંબાની લાલચે મોટા મોટા માણસોની ઠઠ મારૂને તહીં ભરાવા લાગી. ગજરો અફીણ ખવરાવે અને દુધ સાકર પાય તેથી આખો દિવસ ત્યાંને ત્યાં પડી રહેતા હતા અને રાજા જામના રાવણામાં આવનારા રજપુતો મારૂના રાવણામાં જતા હતા, એથી જામે પોતાના પ્રધાનને પુછ્યું કે આપણી કચેરીનાં રાવણામાં માણસો ઓછાં આવે છે અને પેલા બંધાણી રજપુતો કેમ જણાતા નથી. પ્રધાને કહ્યું કે માહારાજ તેઓકંઈ કામમાં રોકાયા હશે અને કોઈ મરી પણ ગયા હશે એમ કહી રાજાને સમજાવ્યો અને મારૂના તહીંનો મરમ આપ્યો નહી, પણ એક દિવસ પરગામથી બંધાણી ભાટ ગામમાં આવ્યો તેણે એક આદમીને પુછ્યું કે રાજા રાવણું કરેછે કે નહી પેલા આદમીએ તેને ધારીને કહ્યું કે રસ્તામાં એક મહોટો મહેલ આવેછે ત્યાં અણમાનીતી રાણીનો કુંવર છે તે તમને પાસે. તે સાંભળી ભાટ મારૂના મહેલ તરફ આવ્યો ભાટને આ

વાતે જોઈને ગજરામારૂએ પોતાના એક માણસ પાસે રેઢીઆ કસુંબાનું તાંસળુ ભરાવ્યું અને બીજાના હાથમાં દુધ સાકર આપી તેઓ મહેલ નીચે જઈ ઉભા રહ્યા અને બંધાણીને આવતાં વાંત તરતજ કસુંબો અને દુધ સાકર પાઈ એટલે મારૂના હુકમ પ્રમાણે ત્રીજા માણસે આવી ભાટને પાઘડી બંધાવી જેથી ભાટ ઘણો ખુશી થયો ને મારૂજી છજામાં ઉભા રહી જોતા હતા તેમને સલામ કરી ભાટ ગજરામારૂનો જસ ગાતો ગાતો રાજાની કચેરીને રસ્તે થઈ પોતાને મારગે ગયો.

**દુહો**—ખાંડીએ મેડીએ લુલે લંગડેરે, કાંઈ લજવી મારયું બધુ ગામરે, કાંઇ૦ ધનરે અણુમાનીતીની કુખનેરે, તારૂં નવખંડ રેહેશે નામરે તારૂં૦

ગજરામારૂની કીરતી સાંભળી રાજાને બહુ ક્રોધ ચડયો તેથી તેણે ગજરામારૂને દેશાવર કાહાડવાનો હુકમ કર્યો અને જો ન જાય તો તેને બાંધીને રાજા પાસે લાવવા કહ્યું રાજાના દરબારના તમામ માણસો સાંભળી રહ્યા પણ મારૂની આગળ કહેવા જવાની કોઇની હીમત ચાલી નહી, છેવટ બે ચાર સીપાઈઓ તઇયાર થયા અને તેઓ ગજરામારૂને ત્યાં રાજાનો હુકમ કહેવા સારૂ ગયા રસ્તામાં જતાં મીઆં ભાઇના મનમાં આવ્યું કે ગજરામારૂ બહુ ફાંકડો છે તેથી રાજાની પાછળ મુકરર તેજ ગાદી ઉપર બેસશે અને આપણે તેના હાથ નીચે ચાકરી કરવી પડશે માટે મારૂને દુખ લાગે તેવું બોલવું નહી એવો વીચાર કરી મારૂના મેહેલ પાસે આવ્યા ત્યાંનો દેખાવ જોતાંજ સીપાઈઓ ઝાંખા પડી ગયા તેઓ એક બીજાને આગળ કરવા લાગ્યા પણ જવાની અને મોહોડે બોલવાની કોઇની હીમત ચાલી નહી છેવટે એક ઘરડો બુઢો ડોસો આગળ થયો અને મારૂની કચેરીમાં ગયો જ્યાં બંધાણી રજપુતોની કચેરીની ઠઠ ભરઈ છે વાતોના ઝપાટા અફીણના સપાટા અને ઉપર સેરડી સાકરૂમા ઝપાટા ચાલી રહ્યા છે. બીજે તરેહ તરેહના મેવા અને સોપારીઓના ઢગ પડયા છે જે જેને પસંદ પડે તે ખાય છે.

અને મારૂની વાહ થઈ રહી છે એ બધાની વચે ફક્યું ગાદી ઉપર શોભીતુ શીહાસન નાખીને મારૂ તે ઉપર બેઠા છે અને આજુ બાજુએ મશ્કરો ખુબ મશ્કરી કરી મારૂને રાજી કરે છે એટલામાં પેલો ધરડો સીપાઇ આવીને કહે છે કે મહારાજ આપના પીતાએ તમને દેશપાર કરવા સારૂ હુકમ કરયો છે ને તમને રાજા પાસે લેઈ જવાને અમને હુકમ થયો છે; મારૂએ કહ્યું જાઓ તમારા રાજાને કહો હું તમારા રાજમાં વસ્તો નથી માટે તમારો હુકમ માનતો નથી પણ કરમમાં લખ્યું છે તેથી હું મારી મેળે બાર વરસનો થઈશ ત્યારે વનમાં જઈશ પણ જો તમારે લડવાનું જોર હોય તો હું લડવાને તઇયાર છું. સીપાઇ સલામ કરી રાજા પાસે આવ્યો અને કુંવરની કહેલી વાત સાંભળી રાજા ફીકરમાં પડયો અને પ્રધાનને પુછ્યું કે આ કુંવર શું કહે છે પ્રધાન કહે મહારાજ તે ખરૂં કહેછે કેમકે તેતો અસલ રજવાડાની જમીન વેચાથી લેઈ ત્યાં મેહેલ બાંધી રહ્યો છે માટે તેના ઉપર તમારી સત્તા નથી. વળી મોસાળનું જોર ભારે છે એટલે લડતા પણ પોહોચી શકાશે નહી, તે સાંભળી રાજા છાના રહ્યા મનમાં વીચાર્યું કે મારો પ્રધાન પણ તેની તરફમાં છે તો પછી લડીને શું કરવું એમ ધારી રાજા છાના રહ્યા, ગજરા મારૂ મેહેલમાં ચમન કરે છે અને પોતાને પરદેશ જવાનો કેટલો વીલંબ છે તે જન્મોતરીમાં જુવે છે એમ કરતાં કુંવર અગીયાર વરસના થયા એટલે રાણી દામાવતીના પેટમાં ફાળ પડી કે હવે વરસ દહાડા પછી કુંવર પરદેશ જશે, માટે અગાઉથી પરણાવીને ફાંદામાં નાંખું કે કાંઈ કરતાં સંસારના છંદમાં પડીને પરદેશ જવું છોડી દે અથવા જાય તો જલદી પાછા ઘેર આવે કુંવારો હશે તો તેને પાછો ઘેર આવવાનું મન થશે નહી એમ ધારી રાણી દામાવંતીએ બ્રાહ્મણને બોલાવ્યો.

**દુહા**—બ્રાહ્મણ વીરા તુને વીનવુંરે, તુતો જાય જો ગામેગામરે તુતો૦ કુંવર જેવી કન્યા લાવજેરે, માહારૂ એટલું કરજે કા-

મરે. મ૦રૂપે ગુણે કાંઇ શોભતીરે તેમાં ન હોય ખાંપણુ ખોડરે તે૦
જેથી મારૂરે માહારો મોહી રેહેશે, તેવી મેળવ જુગતે જોડરે તે૦
ગુણ નહી ભુલું હુંતો તાહરોરે તને રાખીશ માહારી પાસરે ત૦
ધન આપુ જોઇએ તેટલું રે, તારી પુરીશ હુંતો આશરે તા૦

જોશી માહારાજ કુંવરને વાસ્તે એક રૂપ ગુણનો ભંડાર કન્યા શોધી લાવ્યો કે જેના પર મોહીને કુવર કદી પરદેશ જાય નહી એકામ થયાથી હું તમને ખુશી કરીશ. બ્રાહ્મણે કહ્યું કે હાલ તરત મને સો રૂપીઆ વાટ ખરચ માટે આપો, રાણીએ સો રૂપીઆ આપ્યા તે લઇને બ્રાહ્મણ રસ્તે પડયો હવે કમળાવતી નગરીમાં ગુલાબસંગ રાજાને ઘેર એક કુંવરી ગજરામારૂને લાયક છે અને તે કુંવરીને કાને ગજરામારૂની વાત આવેલીછે તેથી ગજરામારૂ સિવાય બીજા સાથે નહી પરણુવાને નિશ્ચય કીધો છે અને તે ગજરામારૂની ઝંખના કરતી ઝરૂખે બેઠી છે હવે પેલો બ્રાહ્મણ ભટકતો ભટકતો તે નગરીમાં ગયો, અને રાજાના મેહેલનીચે થઇને જાયછે ત્યાં કુંવરી સામું જોઈને ઉભો રહયો. પેલી કુંવરીની નજર પણ બ્રાહ્મણ ઉપર ગઇ એટલે તેના મનમાં આ મુસાફરને મારી સાથે કાંઇ કામ હોય એમ જણાય છે તેથી તેને ઈશારત કરી પોતાના મેહેલ પાસે બોલાવ્યો અને કહ્યું કે માહારાજ તમે અમારા નગરમાં શા માટે આવ્યા છો તે ખરેખરૂં ન કહો તો તમારે માથે સ્ત્રી હત્યાનું પાપ છે.

**દુહો**—સાચું કહેતાં રાણી સત ચડેરે, તમને મોહરૂપી વાગશે બાણરે; તમને૦ધટમાંડવથી હું તો આવીયોરે, કાંઈ કન્યા જોવાને કાજરે; કાંઇ૦ કોઈ એવો જનેતાએ જનમીઓરે કોઈએ નથી સાંભળ્યો કાનરે; કો૦ નામ સાંભળતાં નારી ઢળેરે, કાંઈ વાગે મોહનાં બાણરે; કાં૦ બ્રાહ્મણે કહ્યું કે હું માંડવગઢના જામરાજાના કુંવરને માટે કન્યા સોધવા અહીં આવ્યો છું. કુંવરનું નામ દઉ તો તેના ગુણ અને રૂપનું મોહબાણ વાગીને તમે મૂરછાગત થશો એવો પુરૂષ કોઈએ કાને પણ સાંભળ્યો નહી હોય તે સાંભળતાંજ કુંવરીને પોતાના હઈડાનોહાર ગજરોમારૂ યા-

દ આવ્યો અને બ્રાહ્મણ જેની તારીફ કરે છે તે પોતાને પ્યારો ગજ-રેમારૂ હશે એમ ધારી તેનું નામ જાણવા સારૂ બ્રાહ્મણને ફરી કહ્યું કે—

દુહો—કોઈ જનેતાએ કુંવર જનમાઓરે, એવો કીયા રાજાનો કુમારરે, એ૦ સાચુ બોલવીરા સતવંતારે, તને આપુ એકાવળ હારરે; તને૦ વચન સુણીને વિહવળ થઇરે, મારૂ મનડુ તો ન રહે ધીર, મા૦ વરમાળ ઘાલુ હુંતો હેતશુરે, કરી થાપુ નણંદ કેરો વીરરે. કરી૦

મહારાજ તમારે મ્હોડે વખાણ સાંભળીને મને ધિરજ રહેતી નથી હું તેને વરમાળ આરોપી મારો માનીતો કરી લેવા આતુર થઈ રહીછું માટે તમે જેના વખાણ કર્યાં તેનું નામ કહો તે વારે બ્રાહ્મણ કહેછે, માંડવધડના જામ રાજાની અણમાનીતી રાણીનો કુંવર ગજરામા-રૂની સગાઈ કરવા સારૂ હું આવ્યોછું, જેણે તપ બહુ કર્યાં હશે અને જેના ભાગ્યનો ઉદય હશે તેજ ગજરામારૂ પામશે કુંવરીએ પોતાના મનમાં ધારી રાખેલા ગજરામારૂની ખબર સાંભળીને બહુ હરખ થયો અને પેલા વેવિશાળીયા બ્રાહ્મણને પોતાના પીતા પાસે મોકલ્યો, બ્રાહ્મણે દરબારમાં જઈને વિવાહની વાત કહી એટલે રાજા રાણીઓને પુછવા જ-નાનખાનામાં ગયા અને કુવરીને પણ ત્યાં બોલાવી પુછી જોયું કુંવરીએ કહ્યું પીતાજી વર જોઇને વિવાહ કરજો, રાજા કહે બેટા વરતો સારો છે, પણ અણમાનીતીનો કુંવર છે એટલે રાજાને મન ઉતરેલો છે, પણ તેના મામા ઘણા જબરાછે. રાણીઓએ વિવાહ કરવા હા કહી એટલે રાજાએ દરબારમાં આવી પોતાની કુંવરી ચંપાદેનો વિવાહ ગજરામારૂ સથે કરયો, બ્રાહ્મણ વિવાહની વધાઈ લઇને દામાવંતી રાણી પાસે આવ્યો અને સઘળી વાત કહી તે સાંભલીને રાણી ખુશી થયાં અને બ્રાહ્મણને બહુ ધન આપી ખુશી કર્યો હવે જામરાજા બહુ ફીકરમાં રહેછે એક દહાડો ક્રોધ આવ્યાથી પોતાની દાસીને કહ્યું કે તું સવારના પોહોરમાં કાળો પોશાક અને કાળો ઘોડો ગજરામારૂના મહેલ આગળ મુકીને આ-વતી રહેજે જો તે ટેકવાળો હશે તે એક ઘડી ગામમાં ઉભો નહી રહે; દાશીએ રાજાના હુકમ પ્રમાણે કરયું સવારના પહોરમાં સુતા ઉઠીને

મારૂ ક્રરમે અવ્યો તેવોજ પેલો પોતાને ચડવાનો ઘોડો અને પોશાક તેની નજરે પડ્યા તે જોઈને વિચાર્યું કે રાજાનું જોર ન ચાલ્યું ત્યારે આજ મને ગરીબાઇથી દેશવટો દીધો માટે જો હું ન જાઉ તો મારી જનેતાની કુખને એબ લાગે માટે મારા બાપનો હુકમ માની પરદેશ નીકળવું જોઇએ એમ ધારી પોતે દાતણપાણી કરી જનમોતરીમાં જુવેછે તો તેજ દીવસે વનવાસ જવાનું ટાંકણું આવી રહ્યુંછે તેથી સરત પોતાના રેવંતને તઇયાર કરી શામ વસ્ત્ર પહેરી પોતાની મા પાસે રજા લેવા આવ્યો કુંવરને આવતો જોઈ રાણીના પેટમાં ફાળ પડી અને આંખમાં આંસુ લાવી કુંવરને કહ્યું કે,

**દુહો**—કોના ફોજ્યાંને કોના દોળીઆરે, કુંવર કોનો કર્યો ભંજવાડરે કુ. કાળેઘોડેને કાળે ઝુગડેરે, જોઈ લાજી મરે રજવાડરે. જોઇ૦

ભાઈ તેં કોનું બગાડયું છે કે તેણે તને માનભંગ કર્યો તે મને કહે મારા ભાઈ ઘણા જબરાછે તેઓને લાંછન લાગશે ને સાલાસુલાની બેહેનના છોકરાની વાંસે કોઈ ચહડનાર નથી એમ ગણાશે વાસ્તે જેણે તને દુભાવ્યો હોય તેનું નામ દે એટલે હું તેનું જડામુળ કહાડી નાખીશ કુંવરે વિચાર્યું કે જો હું રાજાનું નામ દેઇશ તો મારા મામા પાસે રાજાને હેરાન કરાવશે માટે મારા કરમનો વાંક કાઢું જેથી કોઈને દુખ ન થાય એમ ધારી કુંવરે કહ્યું કે,

મેં કોઈનો બગાડ કર્યો નથી પણ મારા કરમે મને આ ઘોડીને પોશાક મળ્યોછે. મારી જનમોતરીમા બારમે વરસ પરદેશ જવાનું લખ્યુંછે. માતાજી વિધાતરાના લેખ મીથ્યા થવાના નથી માટે જલદી મને રજા આપો. કુંવરનાં વચન સાંભળી રાણીની આંખમાં ચોધારે આંસુ ચાલ્યાં જાયછે, અને કાયા કંપી રહીછે.

**દુહો**—તમે ચાલ્યા મારૂ ચાકરીરે, અમને કોનો દોછો આધારરે. અ૦ દુખની વાતો કોને કીજીએરે, મારી કોણજ કરશે સહાયરે. મા૦

રાણી કહે કે કુંવર તમે મને કોને આધારે મુકીને પરદેશ જાઓછો.

**દુહો**—તમને સુંપી સમરથ સાસરીરે, તમને સુંપી મહીયરીયાની

વાટરે, તમ૦ અહીંઆં રહો તમે સુખથીરે, પીયર ગયે મટે ઉચાટરે. પી.

માતા અહીંયાં સરવે વાતે સુખછે, અને પીયરમાં મારા મામા સમરથ છે. વાસ્તે તમને દુખ પડે તેમ નથી.

**દુહો**—સાસરીયામાં માઙ્ મારે રૂશણારે, મારા પિયરમાં ભોજાઈ ક્રાંઠરે, મારા૦ રતનસમો કુંવર જાયછેરે, મારાજીવતરમાં ઉડી વાટરે મા.

ભાઈ તને ખબરછે કે તારા પીતાનું હેત મારા ઉપર કેટલુંછે કે તે સુખે હું તારૂ દુખ વિસારીને અહીં રહું માટે તને તો જવા નહીં દેઉ એમ કહી રાણી રૂવેછે કુંવરે જવાની હઠ કરી એટલે રાણીએ વિચાર્યું કે હવે તે રાખ્યો રહેવાનો નથી, પણ જો આજની રાત રાખીને રાતની રાતમાં મારા ભાઈને તેડાવું ને કુંવરને કન્યા પરણાવું તો કદાચ મોહમાં લપટાઈને રહે એવું ધારી માઙ્ને કહ્યું કે,

**દુહો**—આજનો વાસો રહો મોહોલમાંરે, તમને વલાણામાં દેઈશું શીખરે, તમ૦ નારે કહે જો તમે નીસરોરે. કાંઈ ઘોળી પીઉં હુંતો વીખરે કાંઈ૦

તારે જવું હોય તો કાલે જજે, હું ખુશીથી જવા દઈશ માઙ્ કહેવું નહી માને તો હું ઝેર ખાઈને મરીશ, એ રીતે માતાનો આગ્ર જોઈ પોતે એક દિવસ રહેવાની હા કહી સાંજ પડતાં રાણીએ કુંવરને પરણાવવાની તરખડ કરવા માંડી. રાણીએ વીચાર કરયો કે રાતની રાતમાં કામ લેવું છે તેથી માણસના પગથી કે ઘોડાથી તો નહીજ બની શકે માટે હજાર ગાઉ ચાલી શકે તેવી સાંઢ હશે તોજ કામ થશે એમ ધારી રાણી રબારીવાડામાં આવીને રૂડિઆ રબારીને બોલાવે છે.

**દુહો**—રૂડીયા રબારી વીરા વીનવુંરે, હુંતો તુજથી નાનેરી લાગુ બેનરે, હુંતો૦ કામ પડયું વીરા ઓપટીરે, માટે આવીછું માજમ રેનરે. મા. ઝટપટ તુંતો જગજેરે, કાંઈ લાવી મારાપર મહેરરે, કાં૦ મોહોના માગ્યાં મુલ આપીએરે, તું જાય જો અમદનગર શેહેરરે. તું૦ કુંવર વિદેશે મારો જાયછેરે, કાંઇ જોબન બાજેવેશરે, કાં૦ સાલાસુલાને જઈને એમ કહેજોરે, તારો ભાણેજ જાય પરદેશરે. તા૦

રૂડીઓ રબારી સવામણ ફુલની સેજમાં ભરઊંઘમાં સુનો છે ને એની સ્ત્રી પગ દબાવેછે એવામાં રાણીનો અવાજ રબારણને કાને પડ્યો તેથી રાણીને કહ્યું કે—

**દુહો**—ટહાડી રાતેરે તુંતો ટળવળેરે, કાંઈ સોર તારો બંધ રાખરે. કાંઈ૦ રબારી ગયાછે એમને સાસરેરે, એમની ડાબેરી દુખેછે આંખરે. એમની૦

મારાસ્વામી તો ઘેર નથી; સાસરે ગયાછે ને ત્યાં તેમની આંખો દુખવા આવીછે તે સાંભળી રાણીએ વિચાર્યું કે સાસરે ગયા હોય તો આંખો દુખેછે એની ખબર અહીં શી પડે માટે તે જુઠું બોલે છે અને મુકરર રબારી ઘરમાં છે પણ ઊંઘમાંથી ઉઠાડવો પડે પણ જો એને કાંઈજ લાલચ આપુ તો તે જરૂર ઉઠાડશે એમ ધારી તેને રાણીએ કહ્યું કે

**દુહો**—રબારીને આપુ માથા મોળીયુંરે, તને આપુ તે નવસર હારરે તને. ઝટપટ જગાડ તુંતો તેહનેરે, કાંઈ કામ પડ્યું દરબારરે. કાં.

હે બાઈ તુ એને જલદી જગાડ દરબારમાં કામ પડ્યું છે તેથી આટલી રાતે આવીછું દરબારનું નામ સાંભળી રબારણે પોતાના ધણીને જગાડ્યો. અને કહ્યું કે આટલી રાતે સરકારનું તેડું કેમ આવ્યુંછે એમ કહી રબારી બેઠો થયો, એટલે રાજાની રાણી દામાવંતીને દીઠી રબારીએ કહ્યું કે આટલી રાતે તમે એકલાં મારે ઘેર કેમ પગલાં કર્યા રાણી કહે ભાઈ તારૂં કામ પડ્યું છે, ગજરોમારૂ દેશવટે જાયછે માટે તું અમનગર જઈ મારા ભાઈને રાતની રાતમાં તેડવા જોરાવર સાંઢ હોય તે લેઈને જા તે સાંભળી રબારીએ કહ્યું કે,

**દુહો**—ત્રણુસેને સાઠ સાંઢણીરે, તેમાં ગંગા જમનાની જોડરે, તે૦ મનવેગે વપનવેગે ચાલતીરે, તેમાં ન મળે ખાંપણુ કે ખોડરે, તેમાં૦ અખંડ જોતો ઘીની જળહળેરે, તેને ધુપ અગર બહુ થાયરે. તેને૦ચારો ચરે નાગરવેલનોરે, તેતો પલકે જોજન જાયરે, તેતો૦ ધારી બેપે હુંતો પરવરૂરે તમે મનમાં રાખજો ધીરરે, તમે૦ અમનગર પોહોચું પલકમાંરે તેડી લાવું તમારો વીરરે, તે૦

માહારા ઘેર ત્રણસેને સાઠ સાંઢો છે તેના સોં આગળ ધુંપ દીપ અને અખંડ જોતો બળે છે તમારે ફીકર કરવી નહી હમણાં તેડીને પાછે આવું છુ એવું સાંભળીને રાણી ખુશી થયાં અને કહ્યું કે.

**દુહો**—રસ્તે જાજોરે જોઈ જાળવીરે, ભુંડા અંધારી રાતનું કામ રે; ભુ૦ વાલેરી હતો વીરા પાધરારે, તેતો ઘાલી જવાની હામરે, તેતો૦ ગુણ નહી ભુલું હુંતો તાયરારે, કાંઈ ગુણ ઓસીગર થાઉરે; કાંઇ૦ કડા કંઠીને સેલાં પાઘડીરે, સવા લાખ સોનઇઆ દેઉરે, સવા૦

ભાઈ અંધારી રાતે જોઈને જજે તમારો ગુણ નહી ભુલું સવા લાખ સોનાની મોહોરો આપીશ, એમ કહી રાણી પોતાના મેહેલમાં આવ્યાં અને રબારી શણગાર સજીને પોતે સાંઢપર સ્વાર થયો પછી જેમ ગોફણમાંથી ગોળો છુટે છે તેમ સાંઢે ચાલવા માંડયું જતાં જતાં અમનગર પાસે આવ્યું એટલામાં સમસમાટ કરતી રાત ચાલી જાયછે તેને રબારીએ પૂછયું કે માશી કયાં જાઓ છો ત્યારે રાત કહે હું તો વાહાણું વાવા જાઉં છું રૂડિએ વિચાર્યું કે જો રાતને કબજે કરૂં તો વાહાણું વાવાની ફીકર મટી જાય એવું ધારી ચાબકો ભોંય નાખી દીધો અને રાતને કહ્યું કે માસી માહારો ચાબકો આપો રાત કહે મને તો વાર થાય છે તેથી તું તારી મેળે લે રબારીએ કહ્યું સાંઢને બેસાડીએ ત્યારે માહારાથી નીચે ઉતરાસે અને તમે તો ઊંચો હાથ કરી આપી શકશો પછી રાત ચાબકો લેઈ ઊંચો હાથ કરી આપે છે એટલે રૂડીએ રાતનું કાંડું ઝાલી સાંઢ ઊપર ખેંચી લીધી અને પોતાની ગાંડ તળે ઘાલી રાત ઉપર ચઢિઓ વાહાણું વાહાવાની ફીકર મટી ગઈ અને રૂડિઓ અમનગર આવી પહોચ્યો અને દરવાજા બંધ દીઠા એટલે દરવાનને કહ્યું કે,

**દુહો**—દરવાન વિરા તને વિનવું રે. મારે જાવું છે રાજાની પાસરે; માહારે૦ ઝટપટ મને શેહેરમાં ઘાલીનેરે પછી દરવાજો તાહરો વાસરે પછી૦

દરવાજો ઉઘાડ મારે રાજાનું કામ છે.

**દુહો**—બંધ દરવાજો નવ ઉઘડેરે, કાંઇ કુંચીઓ પડી દરબારરે;

કાંઈ૦ રાત રહો શેહેર બારણેરે, સુતા ઉઠીઆવો સવારરે સુ૦

દરવાને કહ્યું કે વાહાણું વાતાં આવશો તો દરવાજો ઉઘડશે હમણાં ઉઘાડવાનો હુકમ નથી અને કુંચીઓ દરબારમાં જાય છે રબારિ વિચાર કરે છે કે આપણે તો રાતની રાતમાં જવું છે માટે આપણુ કામ શી રીતે પાર પડશે એમ ધારી દરવાનને કહ્યું કે,

**દુહો**—લળી લળી લાગુ તાહારા પાવલરે, જઇ દરબારને જગાડરે; જઇ૦ વેલો લાવ તુંતો કુંચીઓરે, કાંઇ દરવાજો ઉઘાડરે, કાંઈ૦

બાઇ દરવાન હું પગે લાગુંછું તુ દરબારને જઈને જગાડ અને કુંચીઓ લાવી દરવાજો ઉઘાડ દરવાને કહ્યું કે કદી રાજા ગામ બાહાર રહ્યા હોય તોપણ રાતે દરવાજો નહી ઉઘાડે આવો જવાબ સાંભળી રબારી ફીકરમાં પડયો અને સાંઢ ઉપર નીસાસો મુકી સાંઢને કહ્યું કે,

**દુહો**—ફટરે ગોઝારી સાંઢ પાપણીરે મેતો તારો કરો વિશ્વાસરે મેંતો૦ એપ કરી સઉ ખાલી ગઈરે, હામ મળવાની નથી આશરે હામ૦

હે ભુંડી તારો વિશ્વાસ કરવામાં હું નીરાશ થયો હવે રાતની રાતમાં જવાશે નહી જો કોટ એકલો હોત તો તને થેકાવત પણ પાછળ મોટી ખાઇ છે માટે લાગ ફાવે તેવું નથી એમ કહી રોવા માંડયું રૂડીઆને શોકાતુર જોઈને સાંઢને વાચા થઇ અને તે બોલી,

હે રૂડીઆ એક ખેતરવા પાછી લેઈ જઇને તું મને થેકાવ એના કાંકરા અને ખાઈ સુધાં કુદીને હું શેહેરમાં જઇશ રૂડીઆને હીમત આવી, અને સાંઢ થેકાવી તે સાલા સુલાની પોળે જઈને ઉભી રહી રૂડીઆએ પોળીઆને કહ્યું કે

**દુહો**—પોળીઆ મારા તુંતો બાંધવારે, કાંઈ સાલાસુલાને જગાડરે; કાં૦ કામ મારે છે ઘણીં ઓપટીનુરે, તુંતો ઝટપટ પોળ ઉઘાડરે. તુંતો૦ પોળ ઉઘાડ અને સાલાસુલાને જગાડી કેહે.

**દુહો**—સાલાસુલારે તમને વિનવું રે, કાંઇ લળી લળી લાગુ પાયરે; કાંઇ૦ વઢમાંડવથી હું આવીઓરે, મુને વાર ઘણેરી થાયરે, મું-

ને૦ માટે વેહેલેરા તમે ઉઠજોરે, કાંઈ તતપર થાઓ નરેશરે; કાંઈ૦ દામાવંતીના દીકરાને એના તાતે આપ્યો પરદેશરે; એના૦ માટે રાણીએ મને મોકલ્યોરે, કહેજો ભાણેજ જાય વિદેશરે. કહે૦ અત્યારે આવીને તમે રોકજો, કુંવર હજુએ છે બાળેવેશરે. કુંવર.

રૂડીઆનો જવાબ સાંભળતાં સાલાસુલા જાગી ઉઠ્યા ને નીચે આવીને રૂડિઆને પુછ્યું કે ભાઈ શું છે રૂડિએ કહ્યું કે ગજરામારૂને એના બાપે દેશવટો દીધો છે માટે તે સવારમાં જવાનો છે તેથી તમને તેડવા આવ્યો છું તેવું સાંભળી સાલાસુલા ઘણો દીલગીર થયો અને તઇયાર થઈ સાંઢ ઉપર બેશી રૂડીએ સાંઢ ચેકાવી પવનવેગે મુકીને માંડવગઢ આવીને જ્યાં દામાવંતી રાણી ભાઈને તેડી રાજીથઈ અને રબારીને ધન આપી રાણીએ ભાઈને કહ્યું કે ભાઈ આનો સવારમાં જવાનોછે આનો વીવાહ કમળાવતી નગરીના રાજાની કુંવરી સાથે કર્યો છે માટે ત્યાં રાતની રાતમાં લેઇ જઇને પરણાવી આવો તો તે કોક દીવશ પાછો ઘેર આવશે રાણીના ભાઈએ રબારીને કહ્યું કે ભાઈ આટલું કામ કરવાની હીમત ધાલો તો ઠીક રબારીએ કહ્યું કે મારા જીવમાં જીવછે ત્યાર સુધી તમારો તાબેદાર છું પછી મામાએ મારૂને જગાડયો અને કહ્યું કે ભાઈ મારે ઘેર ચાલો મારૂ કહે કે મારે તો સવારમાં પરદેશ જવું છે મામાએ કહ્યું આપણે ઘેર બધાને મળીને જજો એવું સમજાવી સાંઢ ઉપર બેસારી સાંઢને ઉઠાડી ને કમળાવતી નગરીમાં આવી પોહોચી મામાએ રાજાપાસે જઈને કહ્યું છે કે અમારા ભાણેજને એને બાપે દેશવટો દીધો છે માટે તમારી કુંવરી પરણાવી દો કેમકે તે હાલ પરદેશ જવાનો છે એવું સાંભળીને રાજા દીલગીર થયા અને વીચાર કર્યો કે કોઈ ગરીબ ગરેબો હોય તો પરણાવવાની નાએ કહીએ પણ આતો સાલાસુલાને જામ બહુ જબરા છે એટલે તેમને ના કેમ કહેવાય પછી પોતે રાણી પાસે જઇને કહ્યું કે ગજરામારૂના બાપે એને દેશવટો દીધો છે માટે ને પરણવા સારૂ આવ્યો છે, રાણી કહે કે એવી રીતે કન્યા કેમ દેવાય રાજા કહે એ આપણાથી ના ન કહેવાય

કુંવરીને પુછીએ તે શું કેહેછે.

**દુહો**—જાન આવી ગઢ માંડવથીરે, કાંઈ પરણવા હાલરે; કાં૦ પીતા એનાએ આપ્યો દેશવટોરે, એતો પરદેશ જાશે કાલરે. કાં૦ રાજકુંવર પરણી તુજનેરે, તે તો હવડાં જાશે વનવાસરે; તેતો૦ લખ્યું હશે ત્યારે આવશે; તમે મુકો પરણવાની આશરે. તમે૦ રાજકુંવર પરણી જાણુતીરે, મેહેલે બેઠા ચાવીશ પાનરે; મે૦ તેનો રહેશે તને ઓરતોરે: કાંઈ માહારૂં કહ્યું તુંતો માનરે. કાં૦

રાજાએ કુંવરીને કહ્યું કે મારૂને તો તેના પીતાએ દેશવટો દીધો છે તેથી કાલે વનવાસ જવાનો છે અને હાલ તે પરણવા આવ્યો છે તે તું જાણીશ કે રાજકુંવરને પરણીને સુખ ભોગવીશ પણ તે વાતનો ઓરતો રહી જશે માટે પરણવાની આશ છોડી દે તે વારે ચંપાદેએ કહ્યું.

**દુહો**—કરમે લખ્યું હશે માહરેરે તેતો મીથ્યા નહી થાય મારા બાપરે તેતો૦ રૂડો ભુડોરે કાંઈ મેં વરયોરે મને બીજો કહેતાં બેસે પાપરે મને૦

હે પીતાજી મારા કરમમાં જે લખ્યું હશે તે થશે જેવો તેવો મને એક વખત કબુલ કર્યો, તેજ ખરો હવે બીજો કેહેતાં મને પાપ લાગે એ સાંભળતાં રાજાએ લગ્નનો સામન મંગાવ્યો, અને કન્યાદાન દીધું જ્યાં ગજરોમારૂ ચોરીમાં ફેરા ફરેછે અને ત્રણ મંગળ વરતાઈ રહ્યાં એટલે મારૂને યાદ આવ્યું કે જો આ પંચાતમાં પડીશ તો પીતાનું વચન જશે તેથી તલવાર ખેંચી વરમાળા કાપી નાખીને નાઠો એના મામાએ વરયો પણ માન્યું નહી એટલે ચોથું મંગળ ખાંડાથી વરત્યું. કન્યાને પીયર મુકીને મારૂ સાંઢ ઉપર બેશી ચાલી નીકળ્યા, જતા જતા રસ્તામાં ભવઇયા રમતા હતા તેની ભુંગળો વાગી ટએલે ગામમાં જોવા ગયા ભવઈયા જુવેછે ત્યાં ભવઈયા કહેછે કે અમે એક એક જાતનો વેશ બે બે ત્રણ ત્રણ વાર કહાડયો પણ વહાણું વાતું નથી માટે કોઈએ રાતને બાંધી છે કે શું રબારીએ વિચાર કર્યો કે હું હવે વધારે વાર કરીશ તો ઘણા

માણસોને નુકશાન થશે કોઈના ફુલ કરમાઇ જશે, અને કોઈનાં દહાડાં ખાટાં થઇ જશે, તેથી પોતે તરગાળાને તોડો આપી સાંઢ હાંકી માંડવગઢ આવી પોહોચ્યો ને ત્યાં જઇ દામાવંતીને કુંવર સોપ્યો અને સાલાસુલાને પણ અમનગર મુકી આવીને રાતને છોડી દીધી કે તરત વાહાણું વાયુ એટલે ગજરોમારૂ નાહીધોઈ તઈયાર થયો અને પોતાની મને પગે લાગી ચાલવા માડેછે એટલે રાણીએ કહ્યું કે—

**દુહો**—સુરજ પોળે તમે સંચરોરે, કાંઈ રવી ઉગમને સુરરે; કાંઈ૰ પરધરતી ને પરરાજમાંરે કાંઇ વાધે ધણું એક નુરરે. કાંઈ વાધે૰

સારા શુકન થયા એટલે મારૂ રસ્તે પડયો અને રાણીદામાવંતી રૂદન કરવા લાગી.

**દુહો**—સુનો સમરથ મારો ઢોલિઓરે, તારી ઘોડા સુની ઘોડાળરે; તારી૰ સુની મેડી સુની માવડીરે, કાંઈ સુના મુકયા શણગારરે; કાંઇ૰ સુના દાસને સુની દાસીઓરે, કાંઈ સુના થુકયા ખવાસરે. કાંઈ૰ સુના બાગ સુના બંગલારે, કાંઈ સુના પડ્યા અસવારરે. કાંઈ૰

અરે પુત્ર તારા વગર મેહેલ બાગબગીચા ચાકર નોકર અને તારા સહુ શણગાર સુના પડયાછે એમ જોઈ રૂદન કરેછે. મારૂ તો આકાશ મારગે ખેડ ખેડ કરતો જાયછે પણ ચંપાદે જે દીવષથી મારૂ પરણીને મુકી ગયો તેજ દીવષથી ખાનપાન અને ગાનગીત મુકીને પરમેશ્વરની ભક્તી કરેછે ઘણા દિવષ વહી ગયા પછી એક દહાડો રાણીએ દાશીને કહ્યું કે આજ મારા માથામાં ઘાલવા સારૂ ચંપેલ તેલ લેઇ આવ પછી દાશી સરઈયાને ત્યાં લેવાને આવી અને કહ્યું કે—

**દુહો**—સરઇયા તુતો સારૂ જોઈનેરે, મુને આપજે ચંપેલ તેલરે; મુને૰ ઝટપટ કરી તુતો જોખજેરે, તારૂં કામ પડયું સહુ મેલરે. તા૰

સરઇયાએ જલદીથી તેલ આપ્યું તે લઇને દાસી જાયછે, એટલામાં ઘોડાનો ને માણસનો પડછાયો જમીન ઉપર પડયો તેથી ઊંચુ જોયું એટલે ગજરામારૂ જેવો પુરૂષ દીઠો તેથી હાથમાંનું કચોળું પડી ગયું તે જોઇ સરઇયાએ કહ્યું કે કચોળું કેમ પડી ગયું. દાસી કહે તે પડયાની

મને ફીકર નથી એમ કહી ઉતાવળી પોતાનીબાઈ પાસે આવી અનેકહ્યુંકે

**દુહો**—કાળે ઘોડેને કાળે લુગડેરે, કાંઈ ગજરોમારૂ અસ્વારરે, કા૦ સાચુ માનો મારી બાઈજીરે, જાણો તમારો ભરથારરે. જાણો૦

બાઈ ગજરામારૂ આકાશ મારગે જાય છે તે સાંભળીને ચંપાદેને ઘણી રીસ ચડી અને દાશીને કહ્યું કે—

**દુહો**—જાને તું જુઠા બોલી છોકરીરે, મને પડીયલકટારીના, ઘાવ રે; મને૦ નીચી જાત તું લુંડીનીરે, કીધી મશકરીમાં હશે જોઈ દાવરેકી૦

જાજા રાંડ તારે આજ મસ્કરી કરવાનો વખત છે તાહારે મન હસવું અને મને તો કટારીના ઘાવ લાગેછે દાસી જંખવાણી પડી અને હાથ જોડીને બોલી કે બાઇ હું મશકરી કરતી નથી તમે માહારી સાથે ચાલો તો આપણી અગાશી ઉપર ગઈને જોઈએ, પછી બંને જણાં અગાસી ઉપર આવીને જુએછે તો આકાશ મારગે મારૂને જતો દીઠો તેથી ચંપાદે ખુશી થઈ બોલી કે—

**દુહો**—ઘોડા બાંધું ઘોડારમાંરે, કાંઈ પલાણ મેલું પરસાળરે; કાંઈ૦ દામાવંતીના દીકરારે, તુતો માહારે મોહોલે પધારરે. તુતો૦

મારૂને કાને અવાજ આવતાંજ ઘોડાને ઉભોરાખી પોતે વિચર કરેછે કે અહીં કોણ બોલાવતું હશે, રસ્તામાં માસીનું ગામ આવેછે તેતો નહી હોય; મારી માનુંનામ દેછે, તેથી એજ હશે, એમધારી ઘોડાને તે મેહેલમાં ઉતારી દીધો, મારૂને જોઈને ચંપાદેને બહુ આનંદથયો તેણે ઓળખાણ કાઢયા વગર ત્રણ દહાડા સુધી મારૂને પોતાની પાસે રાખ્યો એક દહાડો બંનેજણા સોગટાં બાજી રમવા બેઠાં તે વખતે રાણી કેહે તમે મરદછો તેથી તમે મને જીતશો એટલે મારૂ કહે એમાં તો કાંઈ મરદાઈનું કામ નથી એતો નશીબની વાતછે જેના દાવ પડે તે જીતે રાણી કહે કે મહારાજ જ્યાં ત્યાં નશીબ તો સાથેજ છે તમે મને ચોરીમાંથી મુકિને નાઠા હતા; પણ મારા નશીબમાં હતું કે પાછાં ભેગાં થયાં એ સાંભળીને મારૂ વિચારમાં પડયો કે હવે આ સુખમાંથી જવાશે નહી એમ ધારી બાજી ઉપાડી નાખી અને રાણી પાસે રજા માગી.

**દુહો**—ઘડીએ રહ્યાની મને આખડીરે, અન પાણી લેવું મારે વીખરે; અન૦ ઝટપટ અમે ચાલશુંરે, રાણી ખુશીથી આપો સીખરેરા૦

તમે ખુશી થઈ મને રજા આપો હું હવે પરદેશ જાઉ રાણીને પસ્તાવો થયો કે ઓળખાણુ કાઢવાથી મારે પાછો વિજોગ થયો આટલા દિવસ દુઃખના ડુંગર ઉગ્યા ત્યારે પ્રભુએ દયા લાવી સુખમાં નાખી. પણ પાછું મારૂં કરમ ફરી વળ્યું એવી રીતે પસ્તાવો કરી રાણી રૂદન કરતી કહેવા લાગી.

**દુહો**—તમે ચાલ્યા રાજા ચાકરીરે, અમને કોની ભલામણ દોછોરે અમને૦ સુખ દુખ જોવા કોણ આવશેરે, તેની કોને સુંપરત દોછોરે તે.

હે રાણી વધારે રૂદન કરે કાંઇ ઘણું છે મને રજા આપોરાજા કહેછે

**દુહો**—તમને સોંપ્યા મંદીર માળીયાંરે રાણી સોંપી હીંદોળા ખાટરે; રાણી૦ ખાઓ પીઓને બેસો મોજમાંરે, તમે માહાલો મહીયર ની વાટરે. તમે૦ અમે મેહેલ બંધીખાનું માનીએરે, મને હીંચોળો સુળી સમાનરે; મને૦ મોજને મુકીને રૂદન માંડીએરે, રાજા મહીયર ઉજડ રાનરે, રા૦ તમને સોંપ્યા કણુસી કોદરારે, તમને સોંપી દુજણી બે જોટરે, તમને૦ દુધ સાકર પીઓ દાહાડીઓરે, વસ્ત્ર શણુગારની નથી ખોટ રે, વસ્ત્ર૦ મહારે કોદરા કોયલારે, દુજણી જોટયો ચામડીઆને દેઉરે; દુજણી૦ દુધ સાકર રૂધીર દેખીએરે, વસ્ત્ર બાળી રખ્યા ચોળી રહુંરે; વસ્ત્ર૦ તમને સોંપ્યો સમરથ રેંટીઓરે, તમને સોંપ્યોરણુ કપાસરે; તમને૦ સરખી સઈયર મળી કાતજોરે, તેમાં નહી રહો ઉદાસરે, તેમાં૦ રેંટીઓ ભાગીને રાંધું ખીચડીરે, કાંઈ કપાસે મુકુ આગરે, કાંઇ૦ સાહેલીઓને સગાં નથી કામનારે, મેંતો ઝાલી તમારી બાંયરે. મેંતો૦તમને સોંપ્યો પારસ પીંપળોરે, રાણી ગણુજો પીંપળીયાના પાનરે; રાણી૦ બાર વરશે અમે આવશુંરે, રાણી વાળીશું તમારો વાનરે; રાણી૦ સાથે તેડો મારા સાયબારે, મારા બાર વરસ કેમ જાયરે; મારા૦ માહારા વિજોગની ઘડીઓ જાય વેગળીરે, મને દહાડો વરસ સમ જાયરે. મને૦ આવુ જાણુત તો નવ પરણુતીરે, રાજા બાળ કુમારી રહેતરે, રાજા૦ હાલો હાથ

મેતો ઝાલીઓરે, મારા કરમને દોષ ન દેતરે. મા૦ સાસરૂ જોયાના રહ્યા ઓરતારે, સ્વામી ઘુંઘટ તાણ્યા ના રહ્યા કોડરે; સ્વામી૦ તમે ચંપો ને હું તો કેતકીરે, મ્હારી ભલી બની હતી જોડરે; મ્હારી૦ પેહેરી ઓઢીને ફરત સાસરેરે, તે સહુ વિચાર અમારા થયા ભાંગરે; તે૦ નથી છુટયાં હાથના મેઢળરે, નથી ઉતર્યો પાનેતરનો રંગરે, નથી.

રાણીએ વિલાપ કરીને કહ્યું કે,—

રાગ પરજની દેશી. પીયુ શું થાશેરે થાશે; મ્હારી રૂજની કેઇ પેર જાશે; એ ટેક. તમે મુકીને ચાલ્યા વનવાસરે; સ્વામી કોઇની નથી મારે આશરે, હુંતો થઇને બેઠી નીરાશ પી૦ સ્વામી દિસો નાના બાળ, સાથે નથી કોઇ રખવાળ, તમારી કોણ લેશે સંભાળ પી૦ તમે હઠ કરી નવ જશોરે, તમે ભાવતાં ભોજન કયાં ખાશોરે; સ્વામી દુખીઆ ઘણા તમે થાશો. પી૦ સ્વામી હજુ છો બાળેવેશરે, તમે રખે જતા પરદેશરે; મારૂં કહ્યું માનો લવલેશ. પી૦ મ્હારી સગી નણંદના વીરરે, મ્હારે નયણે વહે છે નીરરે; મુને નથી રહેતી ધીર પી૦ મારી ભલી બનીતી જોડીરે, દેવે કોપ કરી એલ તોડીરે; તમે સીદ નાખો તરછોડી. પી૦ પ્રાણનાથ પાછા તમે આવોરે. માહારા ઉપર દયા તમે લાવોરે; સ્વામી અબળાનાપ્રાણ બચાવો. પી૦ મારૂ ગોરૂં ગુલાબશું અંગરેફીકુ પડી પીળો પડયો રંગરે, મારા હરખ થયા સહુ ભંગ. પી૦ મેંતો જાણ્યું જડયું જે રતરે, તેને રાખીશ કરી જતરે. સ્વામી શીદને છોડોછો વતરે, પી૦ મારૂં રત તે રજમાં રોળ્યુંરે મારૂં પાપ કરમ બોળ્યુંરે, મારૂં કોમળ કાળજુ છોલ્યું પી૦ વિધાત્રાને મારે દવેશરે, તેથી લખિઆતા આવા લેખરે; વેહેર ભાવે તે મારી આ મેખરે. પી૦ વીયોગ બાણ મને ઘણા વાગેરે, મારૂં અંતર ભડકો લાગેરે, તેતો બોલવું કોની આગેરે. પી૦ સ્વામી હું છું નાનેરૂ બાળરે, તમ વીના આવી પહોચે કાળરે, મારી કોણ લેશે સંભાળ પી૦ હજી સોળ વરસ નથી થયારે, મનના મનોરથ મનમાં રહ્યારે. નાની વયમાં મુકી મને ગયા. પી૦ અપવાસ કરી રાત જાગુરે, ઉમીઆજીને પાય લાગુરે, હુતો વરત કરીવર માગું. પી૦ તમોપાછાવળો

ઘર આજરે, મારૂં કહ્યું માનો મહારાજરે, આપુ મારા બાપનું રાજ- પીં૦ જાઓ કહેતામાં જીવડો જાયરે; તમ વીના કેમ રહેવાયરે, વીયોગ દુખ તે કેમ સહેવાયરે, પી૦ હજુ હાથના મેંઢળ નથી છુટયાંરે, મારા પાએ અમુલ ફુટયારે, રોઈનેણુના નીરજ ખુટયા. પી૦ એમ રાણી રૂદન કરે છેરે, નયણે નીરની ધારા ઝરે છે, મારૂ આગળ પાલવ ધરેછે. પી૦ મને સાસરે આવ્યાના કોડરે, નથી હીંડી મોડામોડરે, ચંપા કેતકી બની ની જોડ, પી૦ મને સાસુ જોયાની ચંતરે, મને પાએ પઝાની ખંતરે; કહ્યું માનો મારા ગુણુ વંત પી૦ મારૂએ કહ્યું કે

**દુહો**—કંકાસ મુકોરે તમે કામનીરે, કાંઈ ધીરજ રાખજો ચંતરે કા૦ શુકન ભલેરા અમને આલીએરે, અમે ચાલીએ અમારે પંથરે અમે૦

હવે રોવાનું કામ નથી ધીરજ રાખીને રહો રાજાની હઠ જોઈ રાણીએ શુકન આપવા માંડ્યા.

**દોહા**—ડાબા જમણા જોને તેતર બોલેરે, રાજા આડી ઉતરે મંજારરે. રા૦ એવે શુકને તમે ચાલશોરે, તમને ઘાતક લોહીની ધારરે, તમ આરો કુટોને રાજા ધી ધડોરે; કાંઈ છુટે કેશે જોને નારરે; કા૦ એવે શુકને તમે ચાલશો તો રાજા નહી દેખો ઘરબારરે. રા૦

તમે જસો તો મહા વીઘન નડશે મારૂએ કહ્યું કે રાણી અપશુકન બોલ્યાં કરતાં સારા શુકન આપો. રાણી સારા શુકન આપેછે.

**દુહા**—ડાબા બોલેરે રાજા દેવચારે, કાંઇ જમણેરી ભેરવ હોયરે, કાંઈ એવે સુકને ચાલશોરે, તમને વેરીન મળશે કોઈરે, તમ૦ કોરે ઘડેરે કુંવારકારે, તેને ખોળે અખાણું જવ જારરે, તેને૦ એવે શુકને તમે ચાલશો, તમને મળશે ફુલાદે નારરે, તમને૦ અખંડ શોભાગવંતી માલણીરે, કાંઇ છાબ ભરેલા હારરે; કા૦ એવે શુકને તમે ચાલશો તો તમને મળશે સુગડદે નારરે તમ૦ વરકન્યા પરણીને આવતારે, સામા મળે નીશાળીઆ સારરે, સામા૦ એવે શુકને તમે ચાલશો તોતો તમને મળશે દેવળદે નારરે, તમ૦ દેવ સકળ સુભ જોગણીરે, કાંઈ પિતા કહેવાયરે, કાંઈ રક્ષા કરે રાજા તમ તણીરે, રાણી કહે સુણો મારા રાયરે. રાણી૦ ચોરે

ચઉટેરે રાજા ચાવડારે, જ્યાં મડદાં બળે મસાણુરે, જ્યાં૦ ત્યાં રક્ષા કરે મુજ માવડીરે, સફળ હોજો તમારૂ કલ્યાણુરે, સફ૦ શહેર વાડીને રાય રણવીખેરે જ્યાં પરવતને હોય પહાડરે, જ્યાં પરવતને૦ હુંરે આરાધુ મા માવડીરે, તેનો આવીને પુરે લાડરે, તેના પશુ પંખીને દહીત માનવીરે, કાંઇ નરનારીને રાયરે, કાંઇ૦ એ વેશ થાશે રાજા તણીરે, કાંઇ ગુરૂછે અંબામાયરે, કાંઇ૦ પરમુલક પરદેશડેરે, પરધરતી પરવાસરે, કાંઇ૦ જગસર મહાદેવ તારી સાહ્યમાંરે, કાંઇ પુરી કરે સઉ આશરે, કાંઇ૦ નયણા મહારામાંથી નીર વહેરે, કાળજા કકડા થાયરે, કાંઇ૦ હીમ પડે ધરતી ગડગડેરે, એવું મારે દુખરે, કાંઇ૦ જ્યારે રાજા તમને દેખશું ત્યારેતો થાશે સુખરે ત્યારે૦ નર વીના નારી એકલીરે, તેના પગલે પગલે વાંકરે તેનો૦ દીસે દીન મુનેબીહામણોરે હુંતો કોડ ભરી કલંકરે. હું. રાણી કહે રાજા સંચરોરે કાંઇ ચલાવો ચતુર તોખાર કાં૦ લહેતાં શુકન લેઇ ચાલીઓરે, ગજરામારૂ તેણે હારરે. ગજ૦

રાણીએ રજા આપી એટલે રાજા પોતે શુકન જોઈને ચાલ્યા, જ્યાં રાજા ગયા કે રાણી મહા રૂદન કરેછે કે હે દાશી રાજા વિના મારા પ્રાણ રહેનાર નથી માટે રાજાની સાથે જવાય તો ઠીક રાણીનું આ કહેવું સાંભળીને એક દાશી બોલી કે આપણી એક દાશી પાસે અતિતની આપેલી એક છડીબુટી હતી તેમાં એવો ગુણ હતો કે માણસ માહોમાં રાખીને જે જનાવરનું રૂપ લેવા ચહાય તે રૂપ થઇ જાય રાણીએ તે જડીબુટી લઈ મોહોમાં નાંખીને પોતે ભમરી થઇને રાજાની પાછળ ગઇ અને રાજાના પેગડામાં ભરાઇ ગઈ હવે જંગલમાં ઘણી ઝડપથી રાજા જાયછે એટલે રાણી મોઢામાંથી બોલી કે—

**દુહા**—હળવે રેવંત રાજા ખેલાવજોરે, કાંઈ કાળજ કકડા થાયરે કાંઈ૦ સવા ગજનું છે રાજા નેળીયુંરે, માહારૂ દાભેરૂ અંગ દબાયરે, માહારૂ૦

ઘોડાને ધીમે ચલાવો આ અવાજ મારૂને કાને આવ્યો એટલે ઘોડો ઉભો રાખીને ચારે તરફ જોવા માંડયું પણ કોઇને દીઠું નહી એટલે

મન વાળ્યું કે એતો રાણીના ભણકારા વાગતા હશે એમ ધારી આગળ ચાલ્યા એટલે ફરીને રાણી બોલી.

દુહો—દામાવંતીના દીકરારે, મારી સગી નણંદના વીરરે મહા૦ હળવે રેવંત તમે હાંકજોરે, મારૂં સોસાઇ જાય શરીરરે મહા૦

રાજા તરત ઉભા રહીને તલવાર ખેંચીને કહ્યું કે જે હોય તે મા- હારા સામે આવો નહી તો હું બાળીને પ્રલે કરીશ એટલે રાણી પોતાનું સ્વરૂપ બદલીને રાજાના સામે આવીને ઉભી રહી એટલે રાજાએ કહ્યું કે તમે મારો કેડો નહી મુકો તો હું મારી મેળે આપઘાત કરીશ રાજાને રી- સમાં જોઈ રાણીએ કહ્યું કે તમારી મરજી નથી તો હું નહી આવું એમ કહી એક વડ રોપ્યો, તે રોપતાંજ મોહોટો ગંભીર થઈ પડયો પછી રા- ણીએ કહ્યું કે તમારે જવું હોય ત્યાં જાઓ હુંતો અહીંયાંજ રહીશ નેતમે જ્યારે તેડવા આવશો ત્યારેજ આવીશ એમ કહી રજા આપી રાજા ગ- યા એટલે રાણીએ પાછું વડ ઉપર રૂદન કરવા માંડયું.

રાણીનું રૂદન સાંભળીને નદીનાનીર પણ થંભી રહ્યાં છેવટે રાણીએ મન વાળ્યું ગજરામારૂ ખેડ ખેડ કરતા જાયછે આગળ રાયારૂપનું શેહેર આવ્યું તે શેહેરની બહાર સુકાઈ ગએલો બાગ હતો તેમાં જઈને ઉભા ર- હ્યા એટલે બાગ લીલો છમ થઈ ગયો અને ફુલના છોડને ફુલ આવ્યાં રાજા ઝાડસાથે ઘોડો બાંધીને ઝાડનીચે સુતા એટલે ઊંઘ આવી ગઇ એ- ટલામાં એજ ગામના ઢેડ તથા વાઘરી હમેશ લાકડાં વીણવા આવતાં હતાં તેઓ જુએછે તો બાગ લીલો કલાર જેવો શોભી રહ્યો, અને અંદર એક ઘોડો અને પુરૂષ દીઠો, તે જોઇ તે બાગની માલેક માલણ હતી. તેની પાસે જઇને કહ્યું કે તારો બાગ લીલોછમ જેવો થઈ ગયોછે અને કોઈ મોહોટો પુરૂષ બાગમાં સુતોછે માલણ કહેછે કે તમને લાકડાં ન- હી મળ્યાં હોય માટે તમે એમ કહોછો પેલા માણસોએ સમ ખાધા એ- ટલે માલણ બાગમાં આવી પછી પોતે એમનાં પગલાંથી ઝાડ લીલાંથયાં છે એમ ધારીને ફુલ ચુટી હાર ગજરા બનાવી રાજાને આપવા જાય છે, એટલે ઘોડે ખુખારો. કર્યો તેથી રાજા જાગી ઉઠયા અને માલણ ઉભી રહી તેને મારૂએ પાંચ મોહોરો આપી માલણ મોહોરો જોઈ રાજી થઈ

અને જાણ્યું કે આ કોઈ રાજાછે એમ ધારી માલણ રાજાને પુછેછે.

**દુહો**—કીયારે મુલકના તમે રાજવીરે, રાજા કીયાં તમારા ગામરે રા० ન્હાની વયમાં તમે નીસર્યારે એવું શુરે પડયું છે કામરે એવું० તેજ ન મળે ત્રણ લોકમાંરે રાજા હજુ એછો બાળો વેશરે રા० શારે દુખે તમે આવીયારે તમે કેમ વેઠો પરદેશરે તમે० નોકર ચાકર નથી સાથમાંરે કાંઈ એકલા આવ્યાછો આપરે કાંઈ સાચુ બોલો મારા સાયબારે નમને મુજ માર્યાનું પાપરે તમ०

હે રાજાજી નાની વયમાં રાજપાટ તજીને એકલા શા દુખે પરદેશ વેઠોછો મારૂ કહેછે.

**દુહો**—નથી અમે કાંઈ રાજવીરે, બેહેન નથી કરતા અમે રાજરે, બેહેન० પૃથ્વી પ્રદક્ષણા કારણેરે, કાંઈ આખો મુલક જોવા કાજરે, કાંઈ० નામઠામ ત્યાં બતાવીએરે, જ્યાં થતું હોય વિવાહનું કામરે, જ્યાં० આ શેહેર શોભીતું અમે જોઈનેરે, પછે જઈશું બીજે ગામરે. પછી०

હે બેહેન હું રાજા નથી મુલક જોવા નીસર્યોછું આ સારૂ શેહેર જોઈને અહીયાં આવ્યોછું દસ પંદર દહાડા રેહેવાનો વિચાર છે પછી બીજે ગામ જઈશું માળણ મારૂને પોતાને ઘેર તેડી લાવી અને જમાડયા પછી મારૂ કેહે કે આ શેહેરના રાજા પાસે જઉછુ જો મને નોકર રાખશે તો અહીંજ રહીશ એમ કહી કચેરીમાં આવીને રાયારૂપના સામો ઉભો રહ્યો, કુંવરનું મુખ જોઈને રાજાએ વિચાર કર્યો કે આ કોઈ મોટા રાજાનો કુંવર છે એવું ધારીને પૂછેછે.

**દુહો**—કીયા મુલકના તમે રાજવીરે, વળીછે શુંછે તમારૂં નામ, વળી, શારે કારણ પરદેશ નીકળ્યારે, એવું શુંરે પડયું છે કામ; એવું० કોના દુખે તમે આવીયા; હજુ દીસો છો બાળેવેસરે; હજુ० રાજ કાંઇ તગતગેરે, કેમ છોડયો પોતાનો દેશરે. કેમ०

રાજાના વચન સાંભળીને મારૂ કહે કે નામ ઠામ તો માહારે બતાવવું નહી.

**દુહો**—અમે નહી રાજાના રાજવીરે, કાંઈ છેટે અમારૂં ગામરે; કાં. આવ્યો પરદેશમાં, રાજા ચાકર રહ્યાનું કામરે. રા० નામ મારૂં નથી પા

ડીયું મને ઠાકોર કહે છે સઉ લોકરે, મને૦ હેતે કરીને મને રાખશે, તો તેની હજુરમાં રહું રે. હુંનો૦

હું રાજ કુંવર નથી મારૂં ગામ ઘણું દુર છે હું તટે રહુંછું મારૂં નામ હજી પાડયું નથી, સઉ મને ઠાકોર કહેછે એવું સાંભળી રાજા ખુશી થયા અને કહ્યું કે તમે શો પગાર લેશો મારૂં કહે દર મહીને સવાલાખા રૂપીયા લેઇશું રાજાસવા લાખની રકમ સાંભળીને ભટક્યા એવો વિચાર કરયો કે મારા આખા લસ્કરનો પગાર સવા લાખ નથી ને આ એક માણુસને એટલી બધી રકમ કેમ અપાય એવું ધારીને પ્રધાનને પોતાની નાખુશી બતાવી. પ્રધાને કહ્યું કે જો હવે તમે આશાભંગ કરશો અને બીજો કોક નાનો રાજા રાખશે તો આપણી આબરૂ જશે અને એનામાં સવા લાખના જેટલો કસ હશે તોજ તેટલા માગતા હશે માટે ગમે તો એક મહીનો રાખીને રજા આપજો પછી રાજાએ હા કહી ત્યારે મારૂએ કહ્યુ કે હું સવા પોહોર દહાડે નોકરી ઉપર આવીશ અને સાંજરે ઘેર જઇશ તમને કદી સલામ કરીશ નહી ને મારે કોઈને નમવાનો નીયમ છે ત્યારે રાજા કહે મારી સાથે એક બાજી રમશો એટલે બસ છે મોટા પગારનું માણુસ કાંઈ વઈતરૂં કરતુ નથી એમ કહી મારૂને બાહાલ કરયો. પછી મારૂ માલણને ત્યાં આવ્યા અને કહ્યુ કે હું નોકરીમાં બાહાલ થયો એમ કરતાં મહીનો તો થવા આવ્યો એટલે રાજા વીચારમાં પડ્યા અને પ્રધાનને પુછવા લાગ્યા ને હવે શું કરશું પ્રધાને કહ્યું કે બારમે દરવાજે રાક્ષસ આવે છે અને રોજ એક માણસ લઈ જાયછે માટે મારૂને ચોકી ઉપર મુકો એટલે રાક્ષસ મારી નાંખશે પછી આપણે રજા આપવી નહી પડે રાજાએ મારૂને કહ્યું કે રાત્રે બારમે દરવાજે પેરા ઉપર જજો મારૂ કહે સારૂ સાંજ પડી એટલે માલણને ત્યાંહાં આવી મારૂએ માલણને પેરા ઉપરની વાત કહી તે સાંભળી માલણ દીલગીર થઇ મારૂને કેહેવા લાગી કે ભાઈ એ દરવાજે રોજ રાક્ષસ આવીને એક માણુસ લઈ જાય છે માટે આજ તમારે માથે પ્રાણ ઘાત આવી છે. મારૂ કહે હું રાક્ષસથી બીહતો નથી પોતે હથીયાર સજીને પોતાના ઘોડાને લઈ રાતરે દરવાજા ઉપર આવી શીવનું ધ્યાન ધરવા લાગ્યો કે હે માહદેવ તાહારા હાથમાં અચવાનું

છે એમ કહી તરવાર ઉઘાડી કરી કમાડ પાછળ ઉભો રહ્યો મધરાત જતાં રાક્ષસ આવ્યો એ દરવાજા સામું જોતા બારી ઉઘાડી દેખીને મનમાં ખુસી થયો કે આજે ભાગવાની પંચાત પડશે નહી એમ કહી બારીમાં માથું ઘાલ્યું કે તરતજ મારૂએ ખડગથી ઘા મારયો કે રાક્ષસનું ધડ અને માથું જુદુ થયું એટલે તેના નાક અને કાન કાપી લઇને મારૂ પોતે મકાન ઉપર આવ્યો; અને રાજાને ખબર થઇ કે મારૂએ રાક્ષસ મારયો રાજાને પ્રધાન બહુ ખુશી થયા, અને તેઓ મારૂને દેવતા માનવા લાગ્યા. મારૂએ આવી રાજાને નીશાની બતાવી એટલે રાજાએ ઈનામ આપ્યું ઘણા દીવસ થયા પછી ચંપાવતી નગરીના રાજાની કુવરી ફુલાદે મહા રૂપવંતી છે તેણે મારૂની કીરતી સાંભળી તેથી તેની સાથે પરણવાનો વીચાર કરી બ્રાહ્મણને બોલાવ્યો અને કાગળ આપીને વીવાહ કરવા મોકલ્યો બ્રાહ્મણ કાગળ લઈને દામાવંતીની પાસે ગયો ત્યારે દામાવંતી કહે કે મારો કુંવર તો દેશવટે ગયો છે એવું સાંભળી બ્રાહ્મણ રાયારૂપાના મુલકમાં આવ્યો અને વિચાર્યું કે ફુલાદે મારૂને ઓળખતી નથી માટે એને બદલે રાયા-રૂપાને પરણાવું તો ઠીક એમ ધારી તે શેહેરમાં આવ્યો અને કહ્યું કે મા-હારાજ હુ ચંપાવતી નગરીમાંથી વેવઈશાળ કરવા આવ્યો છું રાજાએ વિચાર્યું કે હવે આપણે પરણવા છાના જવું પડશે કેમકે જો ઠાકાર સા-થે હશે તો મારો શીકાર મુકરર એ લઈ જશે માટે બ્રાહ્મણને બાહાર બેસારી રાજા અને પ્રધાન એકાંતે બ્રાહ્મણને સરવે હકીકત પુછે છે બ્રાહ્મણે કહ્યું કે માહારાજ મને માંડવગઢમાં ગજરામારૂની સાથે વીવાહ કરવા સારૂ મોકલ્યો હતો પણ તેતો દેશવટે ગયા છે અને કુંવરીએ ગજરામારૂને કદી જોયો નથી માટે તમે તેના નામથી આવોતો તમારૂ કામ થાય રાજાએ કહ્યુ કે લાગ તો સારો છે પછી બ્રાહ્મણને ઘણું ધન આપી વદાય કીધો તણે ચંપાવતી નગરીમાં આવીને વીવાહ કર્યાની વધાઈ ખાધી તે સાં-ભળી સઉ ખુશી થયાં, બ્રાહ્મણને પણ પઇશા આપી ખુશી કરયો અને લ-ગ્નની તઇયારી કરવા માંડી અહીયાં રાયારૂપે પ્રધાનને કહ્યું કે તમે પાછ-ળથી ઠાકોરને શેહેર સાચવવાનું સોંપીને આવજો એમ કહી લાવ લશ્કર સાથે રાજા તો રસ્તે પડ્યા, બીજે દીવશે ઠાકાર કચેરીમાં આવ્યા ત્યાંતો

સુનુંસટ દીઠું પ્રધાનને પુછતાં જવાબ મળ્યો કે રાજા પરણવા ગયા છે, હું પણ જવાનો છું અને તમને શેહેર સાચવવાનું કહી ગયાછે એવું સાંભળી ઠાકોરને દુખ લાગ્યું પણ નોકર રહ્યા માટે હુકમ માનવો એમ ધારીને પોતે શેહેર સાચવવા રહ્યા થોડાક દહાડામાં જાન આવી પોહોચ્યાની ખબર થઇ એટલે રાણીએ તેમને ઉતારો આપ્યો ને તેમની ચતુરાઇની પરીક્ષા કરવા માંડી રાણીએ સાત રંગના પડદા બંધાવી રાજાને કેહેવરાવ્યું કે પડદા છોડવા તમે આવો તમે છોડશો તો હું તમને પરણીશ. રાજાને બહુ વીમાશણ થઇ પડદાની વાત પોતે જાણતા નથી એટલે પાછા કહાડશે તો ઇજત જશે અહીયાં ગજરોમારૂ શેહેરમાં ચમન કરેછે થોડા દહાડા ગયા પછી શેહેરની ખુબી ખુશાલીનો સમાચાર રાજાને લખી મોકલ્યો અને પછાડીથી ફકીર બની રાજાની ચરચા જોવા પોતે પોતાના પવનવેગ ઘોડા ઉપરસ્વાર થઇને આકાશ મારગે ઉડાડયો તે એક ઘડીમાં ફુલાદેના નગરમાં ઉડી આવ્યો ને એક મસીદમાં ઉતરયો, અહીયાં રાજાના માણસો પડદા છોડી શકે એવા હુશીયાર માણસને શોધતા ફરે છે તેમણે મુસાફર ધારીને મારૂને કહ્યું કે ફકીર સાહેબ તમુને સાત રંગના પડદા છોડતાં આવડે છે તેણે જવાબ દીધો કે હું બે ચારેક છોડીશ એટલે સીપાઇઓએ કહ્યું કે તમે અમારા રાજા પાસે પધારો. ફકીર કહે અમારૂ રાજાને શું કામછે સીપાઈએ કહ્યું કે અમારા રાજા આ શેહેરમાં પરણવા સારૂ આવ્યા છે પણ કુવરીએ પડદા બંધાવ્યા છે ને તે પડદા છોડવાની રાજામાં શક્તી નથી માટે તમારૂ કામ છે.

એવું સાંભળી મારૂને ખાત્રી થઈ કે રાજા હજી પરણ્યા નથી જો અને સાથે લેઈ ગયા હોતતો કયારનું કામ થયું હોત પણ એમણે આપણાંથી છાનું રાખ્યું તો તેનું ફળ તેને મળ્યું પણ આપણે રાજાનું નીમક ખાધું છે માટે તેમનું કામ તો કરવું જોઈએ એવું ધારી ગજરામારૂ કહે ભાઇ તમે પરણવાનાં લુધડાં લેઇ આવો હું તે પેહેરીને પડદા છોડી આવું. પછી તે લુઘડાં પેહેરીને રાજા પરણવા જશે તો રાણીને કાંઇ અંદેશો આવશે નહી. સીપાઇઓ ખુશી થતા રાજાની પાસે આવ્યા અને બધી વાત કહી તેથી રાજા પણ ખુશી થયા અને પરણવાનો પોશાક તે ફકીર પાસે

મોકલી દીધો ફકીરે સીપાઇયો પાસે રાણીને કેહેવરાવ્યું કે સાંજરે પડદા છોડવા સારૂ અમારા રાજાજી આવવાના છે તેથી રાણી પોતે સોળે શણગાર સજી તે રાજાની વાટ જોતી બેઠી છે હવે ફકીરના વેશથી આવેલા મારૂજી રાજાનાં વસ્ત્ર અલંકાર સજીને પોતાના રેવંત ઉપર સ્વાર થયા એટલે દેવાંશી જેવા દેખાવા લાગ્યા તેમને જોઈને ઘણીક સતીયોનાં મન વિહવળ થઈ તેમનાં સત્ય ચુકવા લાગ્યાં, મારૂજી પોતાના રેવંતને ચાલતાં નચાવતાં રાણીના મેહેલ તરફ આવ્યા તેમને જોતાંજ રાણી મોહીત થઈ ગયાં અને એક બીજાની નજર એક થતાં ઘોડો તલપીને રાણીના મેહેલમાં દાખલ થયો દાસીઓએ ઘોડાને ઝાલી લીધો રાણી પોતે પડદામાં ગયાં મારૂ બાહાર બેઠા છે ને રાણી સાત રંગના પડદા વિશે પુછેછે તે મારૂ તેના જવાબ આપે છે એટલે દાસી પડદા છોડે છે.

**દુહા**—પડદે આવ્યા મારા વાલમારે, તમે કહોને પડદા કેરી રીત રે; તમે૦ ધોળો પડદો કહી દાખવો, વરમાળ અરોપુ આણી પ્રીતરે; વ૨૦ ધોળા વનમાં રાણી ધન ચરેરે, કાંઈ ધોળો તે વન કપાસરે, કાં૦ ધોળી પુરૂપ માંથે પાઘડીરે; એતો શોભીતી બારે માસરે. એ૦ ભલો કલો ને ભલો દાખવ્યોરે, કાંઈ ભલો ભજાવ્યો રંગરે; કાં૦ પીળો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ શેજ પલંગરે. તમને૦ ધોળો પડદો પાછો કરોરે, રાણી પીળાની સુણજો રીતરે. રા૦ ઘડી એકમાં પરણી દાખવુંરે, પરણી લેઈ જઈશું ખચીતરે. પરણી૦ પીળો વનમાં રાણી પોપટોરે, કાંઇ પીળી ચણાની દાળરે, કાંઈ૦ પીળો ગોરાંદેનો કંચવોરે કશી કસી પેહેરે આણી વાહાલરે. કસી૦ ભલે કહયોને ભલે પાઠવ્યોરે, કાંઇ ભલો ભજાવ્યો રંગરે; કાં૦ રાતો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ શેજ પલંગરે; તમ૦ પીળો પડદો પાછો કરોરે, રાણી રાતાની સુણજો રીતરે રા૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લેઈ જઈશું ખચીતરે, પરણી૦ રાતી તે વનમાં ચણોહડીરે; રાણી રાતો કસુંબો મજીઠરે; રા૦ રાતો ગોરાદેનો ચુડલોરે; બારે માસ પેહેરંતો દીઠરે બા૦ ભલો કહયોને ભલો પાઠવ્યોરે, રાજા ભલો ભજાવ્યો રંગરે; રાજા૦ કાલો પડદો કહી દાખવોરે તમને પોઢાડુ શેજ પલંગરે, તમને૦ રાતો પડદો પાછો કરોરે

રાણી કાળાની સુણજો રીતરે; રાણી૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઇ જઈશું ખચીતરે; પરણી૦ કાળો તે રાણી વનમાં કોસીઓરે, કાંઈ તેથી કાળેરા કાગરે; કાંઈ૦ કાળો ગોરાદેનો ચોટલોરે; જાણે શોભતો ડસીયલ નાગરે; જાણે૦ ભલે કહ્યોને ભલે પાઠવ્યોરે, રાજા ભલો ભજાવ્યો રંગરે, રાજા૦ લીલો પડદો દાખવોરે; તમને પોઢાડુ શેજ પલંગરે. તેમ કાળો પડદો પાછો કરોરે; તમે સુણજો લીલા કેરી રીતરે; તમે૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઈ જઈશું ખચીતરે; પરણી૦ લીલો તે વનમાં વાલોળીઓરે, રાણી લીલો તે જવનો છોડરે; રાણી૦ લીલો ગોરાદેનો સાળુડારે; કાંઈ ઓઢંતા પોહોંચે કોડરે કાં૦ ભલે કહ્યો ને ભલે પાઠવ્યો, રાજા ભલો ભજાવ્યો રંગરે. રાજા૦ કાબરો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે તમને૦ લીલો તે પડદો પાછો કરોરે, તમે સુણજો કાબરા કેરી રીતરે, તમે૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઈ જઇશું ખચીતરે, પરણી૦ કાબરાં રબારી ઘેર ગેટડાં; રાણી કાબરી ભાવસાર ઘેર ભાતરે; રા૦ કાબરી ગોરાદેની આંખડીરે, તેનો આજની માજમ રાતરે, તે ભલે કહ્યો ને ભલે પાઠવ્યોરે; રાજા ભલો ભજાવ્યો રંગરે. રા૦ ફરતો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ શેજ પલંગરે, ત૦ કાબરો પડદો પાછો કરયો રાણી ફરતાની સુણજો રીતરે. રા૦ ઘડી એકમાં કહી દાખવુંરે, રાણી પરણી જાઉ ખચીતરે; રાણી૦ ફરતો ઘાંચી ઘેર બળદીઓરે, રાણી ફરતો કુભાર ઘેર ચાકરે; રા૦ ફરતો ગોરાદેનો રેંટીઓરે, જેની સોનાવરણી ત્રાકરે સાત છોડયા ને હજુ છોડશુંરે, રાણી પુછો તે જવાબ દેઉરે રા૦ રાખો હઈયામાં રખે ઓરતોરે, અણ દીઠે પુછો તેરે કહુ જાણ૦ ૨૫ જોઈહરખુ સાહેબારે કથન સુણી વાગે બોહ બાણુરે; કથન૦ પેલા ભવના પુન્યે પામીએરે, સ્વામી ચઉદ વિદ્યા સુણ જાણુરે; સ્વામી૦ પડદા છોડયા મહારા સાહીબા હવે રહેતી નથી મને ધીરરે હવે૦ વરમાળ આરોપુ હેતશુ કરી સ્થાપુ નણદલ કેરા વીરરે કરી૦ ભલા કહ્યાને ભલા પાઠવ્યારે, રાજા ભલો ભજાવ્યો રંગરે, રાજા૦ ગદબદ પડદો કહી દાખવોરે, તમને પોઢાડું શેજ પલંગરે તમને૦

ફુલાદે કહેછે કે તમે પડદા છોડયા તેથી મને ઘણો હરખ થયો છે માટે હવે જલદીથી તમારી સાથે પરણવાનો એક નવો પડદો પુછુછુ તેનો મને જવાબ આપો એટલે માહારા સરવે મનોરથ સફળ થાય.

**દુહો**—પડદા પાછા કરો કામનીરે, તમે આવી બેસો સનમુખરે, નમે૦ ગદબદ પડદો કહી દાખવુંરે, પરણીને પમાડુ સુખરે, પરણી૦ ગદબદ ઘીને સાકરરે રાણી ગદબદીઓ કંસારરે. રાણી૦ ગદબદ રાણીની ફુલ સેજડીરે, તેમાં પોહોડે ફુલાદે નાર, તેમાં૦

રાજા પડદા છોડી રહ્યા એટલે રાણીએ મારૂને રજા આપી તેથી મારૂ પોતાને ઉતારે પરણવાની તઇયારી કરવા સારૂ આવ્યાં, પોતે પેહેરેલો પોશાક રાજાને આપીને કહ્યું કે તમે તાકીદથી પરણીને તમારે દેશ લઇ જજો કદાચ આ પરપંચ રાણીના જાણવામાં આવશે તો પંચાત થશે એવું કહીને મારૂ ઘોડા ઉપર સ્વાર થઇને રાયારૂપનાં શેહેરમાં પોતાની નોકરી ઉપર આવી પહોંચ્યો રાજા પણ રાતરે પેલાં લુગડાં પેહેરીને રાણીને પરણી લાવ્યા અને સવારમાં પોતાની રાજધાની તરફ જવા સારૂ નીકળી પડયા ને રાજાને આવવાની ખબર જાણીને મારૂજી છુટી સ્વારીએ ઘોડો થેકાવતા રાજાની સામે આવવા સારૂ નીસર્યા રસ્તામાં ઘોડે ઘણી મસ્તી કરવાથી મારૂનો અંબોડો છુટી ગયો તેમાંથી અતરની ખુશબો રાણી ફુલાદેના હાથમાં આવી એટલે રાણીએ દાશીને કહ્યું કે—

**દુહો**—ઝટપટ દાશી પડદો ખોલજેરે, મને મારૂ જોયાની ખાંતરે મને૦ રાયારૂપ મારો બંધવોરે, કાંઈ ગજરોમારૂ મારો કંથરે; કાંઈ રાયારૂપનો ચુડો ભાગીઓરે, ગજરામારૂનો ચુડો હાથરે; ગજરા૦ હવે શેહેર એનામાં નહી રહુ હુંતો નહી જાઉ એની સાથરે હુંતો૦

અરે દાશી હું રાયારૂપનો ચુડો ભાગીને ગજરામારૂના નામનો ચુડો ધારણ કરૂછું હવે માહારે એના શેહેરમાં જવાનો નીમ છે એવું કહી પડદામાંથી ડોકુ બાહાર કાહાડી જોયું એટલે મારૂને દીઠો મારૂ રાજાની પાસે આવ્યો રાયારૂપ મારૂને જોઈને ખુશી થયા અને શેહેરના દરવાજાની પાસે આવી પહોચ્યા એટલે રાણીએ પોતાનો રથ દરવાજા બાહાર ઉભો રખાવ્યો પછી રાજાએ કારણ પુછ્યું ત્યારે રાણીએ કહ્યું મારે બાર

વરસ સુધી આ શેહેરમાં પેસવાનો નીમછે તેથી શેહેર બાહાર મેહેલ બંધાવી રાણીને રાખ્યાં રાણીએ ત્યાં એક સરોવર ખોદાવ્યું તે એવા વીચારથી કે કોઇક દીવસ મારૂ ઘોડો પાવાને અહીંયાં આવશે; એમ કરતાં ઘણાક દીવશ પછી મેહેલ તરફ ગયા ત્યાં સરોવર ભરેલું દીઠુ એટલે ઘોડાને પાણી પાવા ગયા રાણીએ ગજરામારૂને આવતાં દીઠા એટલે ઝરૂખે આવીને કહ્યું કે—

હે મારૂજી આ સરોવર કાંઇ તમારા ઘરડાએ બંધાવ્યું નથી કે તમે વગર પુછે ઘોડાને પાવા લઇ જતઓછો મારૂએ ઘોડાને ખેંચી રાખીને કહ્યું કે—

અરે રાણી પાણા વાસ્તે આટલાં લીલાં પીળાં કેમ થાઓ છો મારો ઘોડો તમારા પાણીમાં ઉતરયો તો તેને બદલે હું માહારૂં તમને કડુ આપુછું. મારૂ કડું આપીને પાછો જાયછે એટલે રાણી કહે—

અરે મહારાજ તમે અહીંયાં પધારો પાછા જાઓ તો તમનેમારા સમછે. રામની દવાઇ છે મેં તમારા માટે તો બાર વરસનો નીયમ લીધો છે. મારૂ ઘોડાને લઇને તે મેહેલમાં ગયા, ત્યાં દાશીઓએ ઘોડો ઝાલી લીધો અને મારૂને પલંગ ઉપર બેસારીને વીવીધ પ્રકારની રસોઇ કરીને મારૂને જમાડયા ત્યાં હરખમાં આખી રાત જતી રહી અને સવાર થયું ત્યારે રાણીએ મારૂને કહ્યું કે તમે માલણના ઘરમાંથી સળંગ ખોદાવજો મારૂ ત્યાંથી નીકળીને મકાન ઉપર આવ્યા અને માલણને બધી હકીકત કહી પોતે દરબારમાં ગયા અને રાતનો ઉજાગરો તેથી ઝોકા આવતાં હતાં અને આંખ્યો પણ લાલ થઇ હતી માટે એક રીપાઇ મારૂને મશ્કરીથી પુછવા લાગ્યો કે—

**દુહો**—આજની આંખ્યોરે ઠાકોર રાતીઓરે કાંઈ ઉજાગરાનું ઘેનરે કાંઈ૦ કીયા મોહોલેરે રંગ માણીઓરે ઠાકોર જાગ્યા છો, સારી રેનરે ઠાકોર૦

આજે કોઇ માનીતીને મોહોલે ગયા હતા કે ઉજાગરો થયો છે મારૂએ કહ્યું કે—

**દુહો**—અમે ગયાતા રાયની વાડીયેરે, ભુંડા સાથી મળ્યા દસ

વીસરે, બુંડા૦ કેસર કસુંબા ત્યાં ઘોળીયાંરે પ્રેમ પ્યાલાની મચી ગીસરે. પ્રેમ૦

અમે તો રાજાના બાગમાં ગયા હતા ત્યાં કેટલાએક સોબતીઓ એ કસુંબો કાહાડયો તેની કેફ હજી ઉતરી નથી સીપઇએ કહ્યું કે—

**દુહો**—અમલની કેફો હાકોર ઘેરીઓરે, મારયાં મોરંગીનાં બાણરે; કાંઈ૦ નેણ બળે છે નારી નીરખતાંરે; શું સમજાવો ચતુરશુ જાણરે. શું૦

મારૂજી માનો ન માનો પણ આખી રાત કોઈ નારી સામુ એકી નજરે જોયાં કરયું છે, તેથી આંખ્યો બળે છે એટલું કહેતામાં મારૂને રીસ ચહડી એટલે સીપાઈ દબાઇ ગયો પછી મારૂએ ઘેર આવી રાણીના મેહેલ સુધી સુરંગ ખોદાવી આવજાવ કરવા લાગ્યા એમ કરતાં વરસ પુરાં થવા આવ્યાં એટલે એક દહાડો રાજા રાણીને મેહેલ પધારયા તે વખત મારૂ મેહેલમાં હતા તે રાજાને આવ્યા જાણી ઉતાવળા સુરંગમાં ઉતરી પડયા પણ માંથાની પાઘડી રહી ગઈ. રાજા મેહેલમાં આવીને રાણી પાસે બેઠા અને કહ્યું કે હવે શેહેરમાં આવવાને બે ચાર દાહાડા બાકી છે એમ કરતાં રાજાની નજર મારૂની પાઘડી ઉપર પડી એટલે રાણીને પૂછયું કે—

**દુહો**—રાજા કહે રાણી સાંભળોરે, કાંઈ પુછીને લઇએ પારરે, કાંઈ૦ બોલોને તમે સતવંતીરે, રાણી કેટલા પુરૂષ ઘેર નારરે. રાણી૦

રાજાએ કહ્યું કે તમે કેટલા પુરૂષની સ્ત્રીછો રાણીએ જાણ્યું કે રાજા પાઘડી જોઈ વેહેમમાં પડયા છે પણ મારે તો સાચે સાચુ કહેવું જોઇએ રાણીએ કહ્યું કે—

**દુહો**—સાચુ કહું રાજા સતવંતારે, તમે સુણજો સઘળો સારરે; તમે૦ પ્રતીવ્રતા વ્રત પાળીયેરે, કાંઇ ચાર પુરૂષ ઘેર નારરે. કાંઈ૦

હે રાજા માહારે ચાર પુરૂપ છે પણ હું ખરેખરો પતીવ્રતા ધરમ પાળુછું રાજાએ કહ્યું કે—

**દુહો**—પતીવ્રતા નારી એકનીરે, તમે ચાર કહ્યા તે કોણરે. તમે૦ પરપુરૂષ સાથે બોલતારે, પ્રથમ ગણે તે ભાઈ બેનરે. પ્રથમ૦

રાણી રાજાને ખુલાસો કરી સમજાવે છે.

દુહો—પલંગમાં રામા પોઢતીરે, તેમાં પ્રથમ પાયા નર ચારરે, તેમાં૦ તેની વચમાં સુતું માહરેરે, માટે ગણ્યા તે મેં ભરથારરે. મા૦

રાજાએ ફરીને પુછ્યું કે તમે સાચી વાત કહો ત્યારે રાણી કહે છે.

દુહો—સાચુ કેહેતાંરે રાજા શક થયોરે, તમે સુણીને પામજો પારરે, તમે૦ જીવતાં લગી એક ઝંખાએરે, અમે તે પુરૂષ ઘેર નારરે. અમે૦

હે રાજા હું આ પાઘડીવાળા પુરૂષની નારછું રાજાએ કહ્યું કે એ પાઘડી કોની છે; રાણીએ કહ્યું કે તમારા નામની અમે બાર વરસ એ પાઘડી જોઈને મન વાળ્યું છે કે એજ રાજા બેઠા છે, રાજાએ પુછ્યું એ પાઘડી કોને બાંધી આપી રાણી કહે કે મેં મારા હાથે બાંધી છે રાજા કહે ત્યારે અમારા દેખતા ફરી બાંધો. રાણીએ કહ્યું પુરૂષના દેખતાં સ્ત્રીથી પાઘડી ન બંધાય રાજા પાઘડી ભાગીને પડદામાં ગયા એટલે રાણીએ સુરંગમાં બેઠેલા મારૂને આપી તેણે જેવી હતી તેવી બાંધીને તઈયાર કરી એટલે રાણીએ રાજાને બોલાવ્યા રાજા જોઇ વિચારમાં પડયા કે આ પાઘડીની બાંધણી ઠાકોરના જેવી છે માટે ઠાકોરને આપણી નોકરીમાથી રજા આપવી. આવું ધારીને પોતાને મેહેલે પધારયા ઠાકોર પણ સુરંગમાં થઈને માલણને ઘેર ગયા અને નોકરીની વખત થયા બાદમાં હાજર થયા એટલે રાજાએ કહ્યું કે તમે પગાર લેઈ ઘેર જાઓ મારૂએ કહ્યું કે મેં માહારો પઇસો માલણને ઘેર સોંપ્યો છે, તે તમે સાચવજો જો કદી દાનત બગાડશો તો તમારી ખરાબી થશે કેમકે મારૂં નામ જબરામારૂ છે. એટલું કેહેતાંજ રાજાના મનમાં ધ્રાસકો પડયો કે મુકરર ફુલાદેને લેઈ જશે એવું ધારી રાજા વિદાય કરવા સારૂ ગયા મારૂએ પાછા ફરવાનું કહ્યું પણ વીસ ગાઉ સુધી રાજા સાથે ગયા પોતાની નગરી તરફ પાછા ફરયા એટલે તરતજ મારૂએ પોતાના ઘોડાને ઉશ્કેરી મુકયો તે ગણગણણું કરતો ઘડીમાં ફુલાદેના મેહેલમાં આવીને ઉભા રહ્યા રાતે રાયારૂપાને ઊંઘમાં સમણા આવવા લાગ્યા

તેથી જાગીને રાજાએ મામીને કહ્યું કે—

**દુહા**—રાજા કહેરે મામી સાંભળોરે, મને અજંપો બહુ થાયરે, મને૦ પેહેલા પોહોરનાં સમણાં આવીઆંરે; કાંઈ મોહોલે ચઢતો રાયરે. કાંઈ૦ બીજારે પોહોરનાં શમણાં આવીયાંરે; જાણે સોગટાં માંડયાં સોળરે. જાણે૦ જાણે એઠાં ચાવે બીડાં પાનનાંરે, કાંઈ અધર દીસે રાતાં ચોળરે. કાં૦ ત્રીજારે પોહોરે સમણાં આવીયાંરે, મામી સાચો માને સઙ સીરરે, મા૦ ભમર પલંગપર પોહોડતાંરે, કાંઈ તુટયો તે નવસર હારરે, કાંઈ૦ ચોથારે પોહોરનાં સમણાં આવીયાંરે, જાણે મારૂ થયો અસવારરે; જા૦ ચતુર રેવંત પલાણીઓરે; લેઈ ચાલ્યો ફુલાદે નારરે. લેઈ૦

સપનાની વાત સાંભળીને મામીએ રાજાને કહ્યું કે—

**દુહો**—સમણા પડે સુકે લાકડેરે, કાંઈ સમણા સમુદ્ર બેટરે, કાં૦ સમણા સાચાં ન હોય રાજવીરે, કાંઈ શમણાં વંઝાને પેટરે. કાં૦ શમણે નીરધન પામે ધનરે, કાંઈ વંઝાને પ્રસવે પુત્રરે, કાંઈ૦ શમણે મુરખ વિદ્યા ભણેરે, કાંઇ સારૂં પામે ઘરસુત્રરે; કાં૦ શમણે ભુખ્યો ભોજન જમેરે, કાંઇ તણાય તેની કુખરે, કાં૦ જાગીને જુવે સવારમાંરે; તોએ પેટમાં ભુખની ભુખરે, તોએ૦

મામીએ સપનાની વાત સાચી નથી એમ કહ્યું પણ રાયારૂપને ઊંઘ ન આવી તેથી ફુલાંદેને મેહેલે ગયો અને ભીંતે થઇ ઉપર ચડયો.

**દુહો**—પાછલી રાતે મોહોલે કોણ ચડેરે, જાણે મોહોલે ચડતો ચોરરે; જા૦ રાવારેરૂપા તને જાણશેરે, તો તો નહી રહે જીવ્યાનો ઠોરરે.

રાજા એકદમ ઉપર ચડી મોહોલમાં આવ્યો ત્યાં મારૂનો જેવો માણસ દીઠો રાણીએ જાણ્યું કે એ બંને ભેગા થશે તો માહા કેર વરતાશે. તેથી રાજાનો હાથ ઝાલી જરૂખામાં લઈ ગઈ અને કહ્યું કે—

**દુહો**—બેહેનને મેહેલે શું આવીયારે તમે જાઓને માડીજાયા વીરરે તમે૦ રાયારૂપાનો ચુડો ભાગીઓરે ગજરામારૂના ઓઢયાં ચીરરે ગ.

અરે રાજા હુંતો ગજરામારૂની ધણીયાણીછું અને તમે મારા ભાઇછો એથી રાજાને બહુ ગુસ્સો ચઢયો. અને રાંડને ઝાડે લટકાવી તીર-

બાજી કરવાનો નીશ્ચય કરી પોતે મામી પાસે આવીને બધી વાત કહી તે સાંભળી મામીએ કહ્યું કે—

**દુહો**—મોળીયું મુકીને ઓઢ ચુંદડીરે કંઇ લજવ્યું કુળ કપુતરે કાંઇ લ૦ ભાલો ભાગીને ઘડાવ રેટીઓરે કાંઇ કાંતો જીણાં સુતરરે કાંઈ૦ તેની વણાય જીણી પામરીરે જઈ મુકો મારૂજીને ભેટરે જઈ૦ જેમ જનાવર પોતે પાળે છેરે તેમ તાહારૂ ભરશે પેટરે તેમ૦

મામીએ રાયારૂપાને ઘણાં મેણાં માર્યાં, પણ મારૂએ તઈયારી કરવા માંડી, સવાર થતાં રાણી અને દાશીને ઘોડા ઉપર બેસારી રાયારૂપાની કચેરીમાં લઈ ગયો રાયારૂપે તેમને દીઠાં કે તરત પોતાના સ્વારોને તેમને પકડવાનો હુકમ કર્યો એટલે મારૂએ ઘોડાને ઉડાડી મુક્યો અને રાજા તથા તેમના સ્વારો મોં વકાશીને જોઇ રહ્યા મારૂ ફુલાંદે રાણીને પીયરમાં મુકીને પોતે ઉડલ ફુડલના મુલકમાં ગયો અને ત્યાં મહાદેવની વાડીમાં ઉતારો કરયો ત્યાંના રાજાની કુંવરી સુઘડદેને મારૂની સાથે વરવું છે માટે મહાદેવની પુજા કરેછે એક દહાડો કુંવરી મહાદેવની પુજા કરવા વાડીમાં આવી ત્યાં મારૂજીને દીઠા એટલે તેનું રૂપ જોઈને સુઘડદે પુછે છે.

**દુહો**—કીયારે મુલકથી તમે આવીયારે તમે કીયારે મુલકમાં જાઓરે તમે૦ કેઈ જનેતાને પેટ જનમીયારે. તમે કેઇ ગોરીના નાવરે ત૦ સાચુ બોલેરે રાજા સતવંતારે કાંઇ કીયા તમારા ગામરે કાંઇ૦ કુંવર છો રાજા કોણુણારે,વળી શું છે તમારૂ નામરે વળી૦

તે સાંભળી મારૂએ કહ્યું કે—

**દુહો**—ઉત્તર ખંડથી અમે આવીયારે, કાંઇ પશ્ચિમ અમારો ભાવરે કાંઇ૦ આભા મંડળના અમે રાજવીરે, રાણી મંછા ગોરીના નાવરે રાણી૦ હુંતો કુંવર રાજા જામનોરે કાંઇ ગઢ માંડવ મારૂ ગામરે કાંઈ૦ અણુમાનીતીનો દીકરો કાંઈ ગજરોમારૂ છે નામરે કાંઈ૦

અમે ઉત્તરથી આંવ્યા છીએ પશ્ચિમ તરફ જવું છે અને જે માહારાં ઉપર મોહીત થઈ મને ઇચ્છે છે તેનો હું પુરૂપ છું રાણીના મનમાં આનંદ થયો અને કહ્યું કે મહારાજ હું ત‥ો વરી ચુકી છું માટે સાંજનાં

માહારા મોહોલે પધારજો એમ કહી સુઘડદે પોતાના મેહેલમાં પોતાની સખી દેવળદે જે પ્રધાનની કુંવરી છે તે સાથે આવી અને રંગમેહેલ શણગાર્યો.

**દુહો**—રંગ મેહેલનો સુંદર ઓરડોરે કાંઇ ધોળો છે ઝાક ઝમાળરે કાં૦ મેવા ફળ માંહી મુકીયાંરે કાંઈ રાજવળાની રીતરે કાં૦ રશોઈ બનાવી બત્રાસીરે કાંઇ અદકી આણી પ્રાતરે. કાંઈ૦ દુધ અતી ઊકાળીયાંરે કાંઇ તેજાના તઇયારરે. કાંઈ૦ મારૂં જાતાં પોતે મોહી રહેરે કાંઈ સજવા માંડ્યા શણગારરે કાંઈ૦

રાણીએ પોતાનો મેહેલ ભપકાદાર કરયો અને પોતાના પ્રાણહારને માટે બત્રીસી રસોઈઓ તઈયાર કરી પછી પોતે શણગાર પેહેરવા માંડયા.

**દુહો**—જરકશીનો સુંદર સાળુડોરે, માંહી ઝાઝો કસુંબી રંગરે, માંહી તેતો ઓઢયો અલબેલીએરે જેમાં ભાસે ગોરે અંગરે જેમાં૦ વેણ લાંબી શેપ સરીખડીરે, ફેણ જાણે મણીશીશ ફુલરે ફેણ સેથે શેંદુર પુર્યોરે શોભતોરે મ્રગમદની લીધી ચીત ચોરરે મ્રગ. ભાલ સુંદીર બીરાજતુંરે મદમતીનું જોબન જોરરે મદ. ભ્રગુટી કમાન છબીલડીરે સ્તનમાં લોચન રસ કુંપરે સ્તન. અતી અણીયાળાં ચપળ ઘણાંરે છે કટાક્ષ કટાક્ષ રૂપરે, નાશીકાની વાળી જામે જુમખેરે વેશરે મુંક્તિ છેલ બહુ ઢાલરે વેશરે. અરૂણુ આધાર પર ઢળકતાંરે જોતાં મુની ચળે તતકાળરે જોતાં જોતાં હોંશ કરે મદ મધુરરે કાંઈ દાઢમ બીજરા દાંતરે કાંઈ૦ કુંદનરેખા દંતમાં દીસતા ચળકતારે ચળકાટશું ચોરે ચીતરે ચ૦ જુગલ મણી છે ઝળકતારે ચળકાટશું ચોરે ચીતરે ઝળ જુગલ મણીછે ચળકતારે કરણ ફુલ પાન પીઓને જુમરે કરણ૦ ગોફણો ગોરીનો ધમકતોરે, ઘણો ઘુઘરતો કેરો ગુછરે, કોટી સુરજ વરકારીએરી સુંદર મુખડું મધુ છે ગાનરે. સુંદર૦ રગ તંબોળ મુખ ચાવશોરે મ્રગનેણીનો વાંકો મોડરે મ્રગા૦ જરકશી બુટાની કાળી કંચુકીરે કશી કશીને પેહેરી કોટરે કશી. તુશી તનમનીયાં હેમનાં હાંસડીરે માદળી પગ કરી ચંદનહાર ચોસરનોરે મુક્તાફળ માળા વીશાળ મુકતા૦ કંકણ સહીત કન કકરચુડોરે, મજગજ

અજોહોછે સારરે, મજ વાંક વીંટી બાજુબંધ બેરખારે છલા આરસી રહીછે હાથરે. છલા. કુંવરી બનીઅનુપ અપછરારે કાંઇ તેજ તણો નહી પારરે કાં૦ ફુલ અતર મુકી રહ્યારે એવી બની સુઘડદે નારરે એવી૦

ગણા સરસમાં સરસ અને શોભીતા શણુગાર પેહેરી રાણી સુઘડદે પોતાના માનીતા મારૂની વાટ જોતી ઝરૂખે બેઠીછે એટલે ગજરામારૂ પોતાના રેવંતને મહાદેવની વાડીમાંથી કુદાવીને રાણીનામેહેલમાં આવ્યો રાણી મારૂને જોઇને ખુશી થયાં અને બત્રીસ ભાતની રસોઇ તઈયાર કરેલી હતી તે જમાડી અને પલગ ઉપર બેઠા અને આનંદની વાતો કરતાં આખી રાત વહી ગઇ અને વહાણું વાયું એટલે રાજા ઘોડા ઉપર બેસારીને શેહેર વચે થઈ ચાલવા માંડયું તે જોઈ શેહેરના લોકો રાજા પાસે ગયા અને કહ્યું કે કુંવરીને ઘોડે બેસારી કોઇ મુસાફર લેઇ જાયછે એવું સાંભળીને રાજાએ તમામસ્વારોને પકડીલાવવાનો હુકમ કર્યો, તેથી લશ્કર સહીત પ્રધાન વિગેરે તમામ માણસો પકડવા ગયા તેમને મારૂને ઘેરી લીધો પછી મારૂએ મહાદેવની સ્તુતી કરવા માંડી. એટલે મહાદેવપ્રસન થયા એટલે રાજાના બારગીરોનાં બાણ અને ગોળીઓ ખાલી જવા લાગી તે તમાસો જોઈ રાજા અચરજ પામ્યો અને પ્રધાનને મોકલી મારૂને પુછાવ્યું કે માહારાજ તમે કોણ છો. મારૂએ કહ્યું કે હું માંડવઘડના જામ રાજાનો કુંવર ગજરોમારૂ છું એ વાત સાંભળી પ્રધાન અને રાજા ખુશી થયા અને મારૂને ઘેર લાવી કુંવરી પરણાવવાની તૈયારી કરી ત્યાં મારૂ ફેરા ફરેછે ને સ્ત્રીઓ ગીત ગાયછે.

**દુહો**—સઈયરો મળી સઉ સાથમાંરે, કાંઇ હરખે ગીતજ ગાયરે, કાંઇ૦ ચોરી બંધાવી ચોકમાંરે, ત્યાંતો ચાર મંગળ ફેરા ફેરવેરે, કાંઈ જોવા મળી સઉ જાનરે, કાં૦ હસ્તી ઘોડા હીરા મોતીનારે, માત પીતાએ આપ્યાં દાનરે, મા૦ પરણી ઉઠયા કાંઈ પ્રાણનાથરે; આનંદ વાપ્યો અંગરે, આ૦ સુઘડ દે દેવળદે બે રાણીઓરે પરણી ચાલ્યા પોતે સંગરે. પરણી૦

મારૂને સુઘડદે અને પવળદે બંને કુંવરીઓ પરણાવી રાજાએ ઘણું ધન માલ આપીને લાવલશ્કર સાથે વિદાય કરયા તે રાણી ફુ-

લાદેના નગરથાં આવ્યા ત્યાં પણ ઘણું ધન અને લશ્કર મળ્યું જે લેઈ પોતાના શેહેરનો રસ્તો પકડયો રસ્તે આવતાં વડ ઉપર રાણી ચંપાદે હતાં તેમને પણ સાથે લીધાં અને પોતે ચાર રાણીઓ સહીત ગામની ભાગોળે મુકામ કીધો. જામ રાજા લશ્કરની ધામધુમ જોઈને બીહી ગયા તેમને દેહેસત લાગી કે મારાં ખાંડીયાં મેડીયાં પુત્રોમાં કાંઈ દમ નથી અને દુસ્મનનું દળ તો ઘણું ભારે છે માટે જો આ વખત માહારો ગજરોમારૂ હોત તો તે મુકરર જીતના ડંકા દેઇને દુશમનોના દળને ચકચુર કરી નાંખત પણ હવે શો ઉપાય એવી સોચના કરેછે એટલામાં વધામણી આવી કે બાર વરસ પુરાં થએથી ગજરામારૂ ઘેર આવ્યા ને એવું સાંભળતાંજ રાજા અને રાણી બહુ ખુશી થયાં અને ઘણી ધામધુમ સાથે સામઈયું કરી રૂપાનાં ફુલ પડાવી વાજતે ગાજતે મારૂને ઘેર લાવી ગાદીએ બેસાર્યો.

---

## દુહા.

માત પીતાએ વધાવીઆરે, કાંઇ હરખ કર્યો નવ જાયરે, કાં૦ પીતાને બે કરજોડીનેરે, દામાવંતીને લાગ્યો પાયરે, દામા૦ રાણીઓ પરણીને મળ્યા માતનેરે, દામાવંતીના પુરયા કોડરે, દામા૦ કરજોડીને કવી વીનવેરે, બોલો જય જય શ્રી રણછોડરે. બોલો૦

**સમાપ્ત.**

# જાહેર ખબર.

—૦—

**આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી વેચાતી મળશે.**

**નડીઆદ**—કાગદી સાદકભાઇ ચોપડી વેચનાર.

**સલુણમાં**—બુકસેલર લલુ જેભાઇ.

**વડોદરા**—બુકસેલર દસરથ રાગોબા ઠા. રાવપરામાં.

**વલસાડ**—બુકસેલર દવારકાંદાસ પરભુદાસ.

**સુરતમાં**—મેહેતાજી ફકીરભાઇ કાશીદાસ, બુકસેલર ફી-
કાભાઇ પરભુદાસ, મંચેરજી જમસેદજી, કર-
સનદાસ નારણદાસ, લલુભાઇ જમનાદાસ,
ત્રીભોવનદાસ ગોપાળદાસ.

**મુંબઇ**—બુકસેલર સખારામ ભીકશેઠ, બાળકૃષ્ણ લક્ષમણ,
ભીમશી માણેક, દામોદર ઈશ્વર.

**વીરમગામ**—બુકસેલર ભીખા નથુભાઇ, મુળશંકર લલુ.

**વઢવાણ**—બુકસેલર પ્રાણશંકર રામજી, રામા નાંનજી.

**લીંબડી**—બુકસેલર છગન સંગજી.

**ધ્રાંગધરા**—બુકસેલર નરશી જીવા ઠકર.

સામટી લેવી હોય તેમણે પોસ્ટપેડ કાગળ લખી ખુલાસો કરવો. નાટપેડ કાગળ લીધામાં આવશે નહી.

**બુકસેલર જગજીવનદાસ દલપતરામ.**

ઠા. અમદાવાદમાં બાલેટનની હવેલીમાં.